### સાવલીયા સેકન્ડરી સ્કુલ માલવીયા પીપરીયા દ્વારા નવરાત્રી પર્વ અનુલક્ષીને રાસ ગરબાનું આયોજન થતાં

# અવધ હેરિટેજ રિસોર્ટમાં ખેલૈયાઓ ઝુમી ઉઠયા

**સાવલીયા સેકન્ડરી સ્કુલ માલવીયા પીપરીયા (તા. લાઠી) નાવિદ્યાર્થીઓ દ્વારા નવરાત્રી અનુલક્ષીને રાસ ગરબાનું આયોજન થતાં વિદ્યાર્થીઓએ સ્ટેજ ગજવ્યું**

**મોડે સુધી વિદ્યાર્થીઓએ રાસ ગરબાની જમાવટ કરી : શાળાના આચાર્ય અને સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓ માટે સુંદર આયોજન : શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન**



અમરેલી, લાઠીના માલવીયા પીપરીયાની સાવલીયા સેકન્ડર સ્કુલના વિદ્યાર્થીઓમાટેરાસગરબાનુંઆયોજન થયુંહતું. જેમાંવિદ્યાર્થીઓરાસગરબાના તાલે ઝુમી ઉઠયા હતાં. શાળા દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. લાઠીના માલવીયા પીપરીયા ગામે સાવલીયા સેકન્ડરી સ્કુલ દ્વારા નવરાત્રી અનુલક્ષીને રાસ ગરબા કાર્યક્રમનું ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા અવધ હેરિટેજરિસોર્ટખાતેઆયોજનથયુંહતું. જેમાં ભકિતપુર્ણ ગરબાના તાલે વિદ્યાર્થીઓ મનમુકીને ઝુમ્યા હતાં. શાળાના સંચાલક શ્રી નયનભાઇ સાવલીયા તથા શાળાના આચાર્ય અને શિક્ષકો શ્રી નિરાબેન જોધાણી, સ્વેતાબેન માલવીયા, રૂચિતાબેન વિરપરા, દિવ્યાબેન કુબાવત, રોશનીબેન આખજા, અંજનીબેન ભુતૈયા, પીંગલબેન મુંધવા અને શિક્ષકોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ ગરબીના રંગે રંગાયા હતાં. અવધ હેરિટેજના ઓનર શ્રી ભરતભાઈ ચૌહાણે ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.

### લાઠીનાં દુધાળામાં ભારત માતા સરોવરને આખરી ઓપ

## ૨૮મીએ શ્રી મોદીનાં આગમનની તૈયારીઓ

**અમરેલી કલેકટરશ્રી અજય દહિયા, ડીડીઓશ્રી પંડયા, એસપીશ્રી હિંમકરસિંહ સહિત અધિકારીઓ ખડે પગે**



અમરેલી, લાઠીના દુધાળાના વતની અને હિરા ઉદ્યોગકાર પદ્મશ્રી સવજીભાઇ ધોળકીયાએ ગાગડીયો નદી પર નમુનેદાર જળ સંચયની કામગીરી કરી સરોવરોની હાર માળા સર્જી છે. તે પૈકીના ભારત માતા સરોવરનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લાઠીના દુધાળા ખાતે તા. ૨૮ના રોજ લોકાર્પણ થશે.

દુધાળા હેતની હવેલી ખાતે કાર્યક્રમ માટે જિલ્લા કલેકટરશ્રી અજય દહિયા, ડીડીઓ શ્રી પરીમલ પંડયા, એસપીશ્રી હિંમકરસિંહ સહિત જિલ્લાના અધિકારીઓ દ્વારા શ્રી મોદીના આગમનને લઈ વિઝીટોનો દૌર શરૂ થયો છે. લાંબા સમય બાદ અમરેલી જિલ્લામાં શ્રી મોદી આવી રહ્યા હોવાથી લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. શ્રી મોદીના આગમનને કારણે હેલીપેડ, વાહન પાર્કિંગ, સભા ખંડ બનાવવા સહિતના સ્થળોની મુલાકાત ઉચ્ચ અધિકારીઓએ લીધી હતી.

૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૭ રોજ નરેન્દ્રભાઈ અમરેલી આવેલા ત્યારે સવજીભાઇ ધોળકીયાએ બનાવેલ હરિકૃષ્ણ સરોવરનું લોકાર્પણ કર્યુ હતું તેમ જણાવ્યું છે.

### ચાડીયા ગામનાં કાયમી પાણી પ્રશ્નનો હલ થવાનો ઉજળો અવસર

## અમરેલીનાં ચાડીયામાં ૫મીએ મુખ્યમંત્રીનો કાર્યક્રમ : ત્રણ ચેકડેમોનાં ખાતમુહુર્ત થશે

**રાજયનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં માતૃ વંદનાં સહિત કાર્યક્રમો**



અમરેલી, ગોકુળિયું ગામ ચાડીયા થનગની રહયું છે. અનેરા અવસરની ગુજરાત રાજયના માનનિય મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે ત્રણ ચેક ડેમના ખાત મુહૂત થવાની ચાડીયા ગામના કાયમી પાણી પ્રશ્ન હલ થવાના ઉજળા અવસરની તા.૦૫/૧૧/૨૦૨૪ના રોજ ચાડીયા ગામના ગ્રામજનો બહાર વસતા હતા પ્રજાજનો માતૃવંદના કાર્યક્રમમાં રાજકીય આગેવાનો સામાજિક કાર્યકરો તેમજ વતન થી બહાર ગયેલા ચાડીયા ગામના વતનીઓ સગા સબંધી સાથે હાજર રહેવાના છે. આજે ઘણા વર્ષોને અંતે ચાડીયા ગામને આ અમુલ્ય ભેટ પ્રાપ્ત થઈ રહીછે. તેવા સમયે ચાડીયા ગામના વડીલોના આશિર્વાદ સાથે સ્વ.પૂ.નાઝબાપુ વાળા સ્વ.પૂ.મોરબાપા ગઢીયા સ્વ.પૂ.નાગજીબાપા ભંડેરી સ્વ.પૂ. જીવરાજબાપા રામાણી બાબુભાઈ પેથાણી સ્વ. વંદનીય ગુરૂજી મૂળશંકર દાદા દવે સ્વ.પૂ. ત્રંબકદાદા પંડયા ઉપરોક્ત તમામ વડીલોના આશીર્વાદથી ચાડીયા ગામ આજે પેઢીગત એક સંપથી આવા વિકાસના કાર્યમાં આગળ વધી રહ્યા છે. કોઈ પણ જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર આજે ચાડીયા ગામના તમામ યુવાનો વડીલો ગોકુળિયું ગામને હેતુને સાર્થક કરવા મહેનત કરી રહયા અપૂર્ણગ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢિયા ટ્રસ્ટી વલ્લભભાઈ રામાણી ટ્રસ્ટી ધીરૂભાઈ ભંડેરી ટ્રસ્ટી મનસુખભાઈ ગજેરા ટ્રસ્ટી, ધનસુખભાઈ ભંડેરી, કનુભાઈ શીંગાળા ટ્રસ્ટી રમેશભાઈ નાનજીભાઈ ટ્રસ્ટી પ્રવિણભાઈ પાનસુરીયા ટ્રસ્ટી બાબુભાઈ ખોડાભાઈ તમામ ટ્રસ્ટીઓ ઉપરાંત ચાડીયા ગામના આગેવાનો ઘનશ્યામભાઈ વાળા મંડળીના પ્રમુખ લાલજીભાઈ રામાણી સરપંચ સુરેશભાઈ વાળા બીપીનભાઈ ભંડેરી ગુણવંત ભંડેરી ઉપ. હરેશભાઈ વાળા તમામ ગ્રામજનો સાથે રાખી તારીખ ૫/૧૧/૨૦૨૪ના માંતૃવંદના કાર્યક્રમને સફળ કરવા સતત કામગીરીમાં રોકાયેલા છે. આજે વરસો થી વતન માંથી બહાર ગયેલા ગ્રામજનો આ કાર્યક્રમમાં હાજરી આપવા થનગની રહયા છેઅને ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ નેએકસાથસાથે રહી કાર્યક્રમને સફળ બનવા સહકાર આપી રહયા છે. ટ્રસ્ટવતી વલ્ભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.


**મકાન વેચવાનું અથવા ભાડે આપવાનું છે**
**(માત્ર સરકારી કર્મચારીઓ માટે)**
અમરેલી લાઠી રોડ, રણુજાધામ-૧, મારૂતી સુઝુકી શો-રૂમની પાસે, બંગલા ટાઇપ મકાન, નવુ બાંધકામ, ફુલ ફર્નિચર, ગેસ પાઇપ કનેકશન, નીચે 1BHK, ઉપર બે બેડરૂમ, ફોરવ્હીલ પાર્કિંગ, પાણીનો દાર ૪૦૦ ફુટ, મકાન સામે સાર્વજનીક પ્લોટ, મકાનમાં સીસીટીવી કેમ્પલેટ કોન્ટેનો આર.ટી. વાળા
**સંપર્ક કરો : ૯૪૨૯૪ ૧૬૭૦૯**


## પદ્મભુષણ શ્રી રતન ટાટાને શ્રધ્ધાંજલી અર્પણ કરતા ફીફાદનાં અદના આદમી ઇબ્રાહીમભાઇ બીલખીયા

**૨૦૦ બાળકોને સ્વખર્ચે ભોજન કરાવી શ્રધ્ધાંજલી આપી**



સાવરકુંડલા, સાવરકુંડલાનાં ફીફાદ ગામે રહેતા ઈબ્રાહીમભાઈ બીલખીયાએ સ્વ.રતન ટાટા પદ્મભુષણને શ્રધ્ધાંજલી અર્પણ કરીહતી. આ શ્રધ્ધાંજલી પ્રસંગે ઈબ્રાહીમભાઈ બીલખીયાએ ફીફાદ ગામની પ્રા.શાળા અને માધ્ય.શાળાનાં કુલ ૨૦૦ બાળકોને ભોજન કરાવ્યું હતું. અદનાં આદમીનાં ઉમદા કાર્યથી સાવરકુંડલા તાલુકાનાં સારી લોક ચાહના મેળવી છે. શાળાનાં આચાર્યએ સ્વ.રતનટાટાનાં જીવન ચરિત્ર રજુ કર્યુ હતું તેમ મનજીભાઈ તળાવીયાએ જણાવ્યું છે.

**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેરનામું**

**ગુજરાત પાણીની અને ગેસની પાઇપલાઇન (જમીનમાના વપરાશકારોના હક્ક સંપાદિત કરવા બાબત) સને ૨૦૦૦નો ગુજરાત અધિનિયમની કલમ-૬ની પેટા કલમ - (૨) અને (૪) અન્વયે**

**જાહેરનામું**

ગુજરાત સરકાર તરફથી સૌની યોજના હેઠળ નર્મદાના વધારાના પાણી માટે લીક-૨, તબક્કો-૩, પેકેજ-૭ મારફત ભાવનગર જીલ્લાના ગારીયાધાર તાલુકાના સાતપડા ગામ પાસે શેત્રુંજી ડેમથી અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના રાયડીડેમ સુધી ચે. ૭૩.૯૩૦ કિ.મી. થી ચે.૧૪૭.૨૫૯ કિ.મી. લંબાઈની પાણીની પાઇપલાઇન નાખવા જાહેર હેતુસરની કામગીરી માટે અધિક્ષક ઇજનેરશ્રી ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, ભાવનગરના તાઃ ૩૧/૧૦/૨૦૧૯ તથા તાઃ ૦૩-૦૬-૨૦૨૧ તથા તા-૧૪/૦૩/૨૦૨૪ તથા અમરેલી જિલ્લામાંથી પ્રસિધ્ધ થતા દૈનિક અવધ ટાઇમ્સમાં તાઃ ૨૧/૦૮/૨૦૨૪ના જાહેરનામાંથી તેની સાથે બિડેલ અનુસૂચિમા દર્શાવેલ જમીનમાંનો વપરાશકારોના હક્ક સંપાદિત કરવા માટે ગુજરાત પાણીની અને ગેસની પાઇપલાઈન જમીનમાંના વપરાશકારોના હક્ક સંપાદિત કરવા બાબત સને ૨૦૦૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંક-૫ની કલમ-૩ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ જાહેર જનતા પાસેથી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી દિન-૩૦(ત્રીસ)માં વાંધો સૂચનો માંગવામાં આવેલ.

આથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પાણીની અને ગેસની પાઇપલાઈન (જમીનમાંના વપરાશકારોના હક્ક સંપાદિત કરવા બાબત) સને ૨૦૦૦નો ગુજરાત અધિનિયમની કલમ-૬ની પેટા કલમ-(૨) અને (૪) હેઠળ મળેલ સતાની રૂએ. ગુજરાત સરકાર તરફથી સૌની યોજના હેઠળ નર્મદાના વધારાના પાણી લીક નં.-૨. તબક્કો-૩. પેકેજ ૭ મારફત ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના સાતપડા ગામ પાસે શેત્રુજી ડેમથી અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રાયડીકેમ સુધી ચે.૭૩.૯૩૦ કિ.મી. થી ચે. ૧૪૭.૨૫૯ કિ.મી. લંબાઈની પાણીની પાઇપલાઈન નાખવા હેતુસર તાઃ ૩૧/૧૦/૨૦૧૯ તથા ૦૩/૦૬/૨૦૨૧ તથા તાઃ ૧૪/૦૩/૨૦૨૪ તથા અમરેલી જિલ્લામાંથી પ્રસિધ્ધ થતા દૈનિક અવધ ટાઇમ્સમાં તા. ૨૧/૦૮/૨૦૨૪ના જાહેરનામાં સાથેની અનુસુચિમા દર્શાવેલ અમરેલી જીલ્લાના ૧૦(દસ) ગામોમાં પાણીની પાઈપલાઈન નાખવાના હેતુસર આ જાહેરનામાં સાથેની અનુસૂચિમા દર્શાવેલ જમીનમાના વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા માટે જાહેર કરવામાં આવેલ. આ જાહેરનામાં સાથેની અનુસુચિમાં દર્શાવેલ અમરેલી જિલ્લાના ૪ (ચાર) ગામોમાં પાણીની પાઈપલાઈન નાખવાના હેતુસર આ જાહેરનામા સાથેની અનુસુધિમાં દર્શાવેલ જમીનમાના વપરાશકારોનો હક્ક સંપાદિત કરવા માટે જાહેર કરવામાં આવે છે. અને આ જાહેરનામું ઓફીશીયલ ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખથી જાહેરનામા સાથેની અનુસુચિમા દર્શાવેલ જમીન/જમીનોમાં વપરાશકારોનો હક્ક તમામ બોજાબીથી મુક્ત રહીને અધિક્ષક ઇજનેરશ્રી, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, ભાવનગરમાં નિહિત માટે જાહેર કરવામાં આવે છે.

**અનુસુચિ - ૬ (૧)**

| | | | |
|---|---|---|---|
| ગામ વાવેરા | તા.રાજુલા | જિ.અમરેલી | |
| સર્વે નંબર | ક્ષેત્રફળ | સર્વે નંબર | ક્ષેત્રફળ |
| ૧૮૭/૨ | ૦૦-૦૬-૪૦ | ૧૫૯/૪ | ૦૦-૩૬-૦૦ |
| ગામ : ખેરાળી મોટી | તા.રાજુલા | જિ.અમરેલી | |
| સર્વે નંબર | ક્ષેત્રફળ | સર્વે નંબર | ક્ષેત્રફળ |
| ૯૭ | ૦૦-૪૦-૮૦ | ૧૭૦/૧ | ૦૦-૧૪-૦૦ |
| ગામ : કાતરપરા | તા.ખાંભા | જિ.અમરેલી | |
| સર્વે નંબર | ક્ષેત્રફળ | સર્વે નંબર | ક્ષેત્રફળ |
| ૩૯ | ૦૦-૦૨-૫૫ | ૧૩૮ | ૦૦-૦૦-૦૦ |
| ૧૩૯ | ૦૦-૧૨-૭૫ | ૫૬ | ૦૦-૪-૦૫ |
| ૬૦ | ૦૦-૨-૮૫ | | |
| ગામ : ધાંણલા | તા.સાવરકુંડલા | જિ.અમરેલી | |
| સર્વે નંબર | ક્ષેત્રફળ | | |
| ૭૨/૧ | ૦૦-૩૮-૨૦ | | |

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે — માહિતી - ભાવ - ૬૪૫/૨૪

**બાબરા નગરપાલિકા** જિલ્લો : અમરેલી

**ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ નોટીસ**

બાબરા નગરપાલિકા દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છેઃ

| | |
|---|---|
| કામનું નામ: | વિવિધ યોજનાઓ અંતર્ગત સિવિલ કામગીરી માટે થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન (ટી.પી.આઇ.) ની સર્વિસ પૂરી પાડવાની કામગીરી |

વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઇસ બીડ વગેરે વેબસાઇટ https://tender.nprocure.com પર તા.૨૧/૧૦/૨૦૨૪ થી ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. બાબરા નગરપાલિકા કોઈ પણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર, બાબરા નગરપાલિકા — પ્રમુખ, બાબરા નગરપાલિકા

જિમાક/અમર/૩૭૦/૨૪

**ભુવા પ્રાથમિક કન્યાશાળા, ચલાલા, તા.ધારી, જી.અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

ચલાલા ભુવા પ્રાથમિક કન્યાશાળામાં ૫ જર્જરીત રૂમોની જાહેર હરરાજી તા.૨૪-૧૦-૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ચલાલા શ્રી ભુવા પ્રાથમિક કન્યાશાળામાં રાખેલ છે. તો રસ ધરાવતી પાર્ટી કે વ્યક્તિએ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. આ પાંચ જર્જરીત રૂમોની અપસેટ કિંમત રકમ રૂા.૬૫,૦૦૦/ (અંકે રૂપીયા પાસઠ હજાર પુરા છે) અને હરરાજીમાં ભાગ લેનાર પાર્ટી કે વ્યક્તિએ ડિપોઝીટ પેટે રૂા.૫૦૦૦/- (પાંચ હજાર) પુરા ભરીને જ હરરાજીમાં ભાગ લઇ શકશે. ડિપોઝીટની રકમ હરરાજીના દિવસે જ ૧૦:૩૦ કલાક પહેલા ભરવાની રહેશે. હરરાજીની બોલીઓ અને શરતો હરરાજીના દિવસે રૂબરૂ સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ :- હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ ફરજીયાત સાથે લાવવાની રહેશે.

એસ.એમ.સી., ચલાલા ભુવા પ્રા.કન્યાશાળા, તા.ધારી, જી.અમરેલી — આચાર્યશ્રી, ચલાલા ભુવા પ્રા.કન્યાશાળા, તા.ધારી, જી.અમરેલી


॥ જય રામેશ્વર ॥ મો. ૯૮૭૯૦ ૧૬૯૭૧ મો. ૯૯૨૫૬ ૧૩૧૮૩
ઉધઈ થી બચો — પ્રવિણભાઈ
ઘર, દુકાન, ઓફિસ ઉધઈ પેસ્ટ કન્ટ્રોલ ગેરંટીથી કરી આપશું.
લાઈબ્રેરી રોડ, કિસાન પરા, રાજકોટ — ૧૨ વર્ષની ગેરંટી

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

શ્રી ક્રિષ્ના પેસ્ટ કંટ્રોલ
ઉધઈ થી બચો
ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપનાર
પ્રિન્સભાઇ : ૮૭૮૦૬ ૫૪૯૬૨, ભાવેશભાઇ : ૯૯૨૫૭ ૫૦૩૪૧

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt જેવા કે ફેન્ડ્સ સ્ટીલ કામધેનુ K-2 લોખંડ (સળીયા), ટાટા સિમેન્ટ, બાઇન્ડીંગ વાયર કવરીંગ, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વિગેરે વ્યાજબી ભાવથી મળશે
ગ્રાહકો નો સંતોષ એ જ અમારો નફો
સ્થળ : લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઇ વી.ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

## નાગલોકનાં કવિ મિત્રો દ્વારા કવિ સંમેલન સાથે પરજીયા સોની સમાજનાં ઘરેણા જેવા

# શ્રી ગોપાલ ધકાણનાં પ્રથમ કાવ્યસંગ્રહનું વિમોચન કરાયું

**કવિ ડો. વિનોદ જોશીની અધ્યક્ષતામાં અને શ્રી ભરતભાઈ ચૌહાણ(અવધ ટાઈમ્સ) તથા વિદુષી ડો. કાલિન્દી પરીખના અતિથિ વિશેષ પદે કાર્યક્રમ**

**અંજવાળુ દીઠ્યું મધરાતે - પ્રથમ કાવ્ય સંગ્રહનું સાક્ષરોની ઉપસ્થિતિમાં લોકાર્પણ જિલ્લાભરનાં કવિઓ, લેખકોએ કૃતિઓ રજુ કરી : શ્રી ધકાણ પરિવારનું આયોજન**





અમરેલી, અમરેલીના યુવા કવિ ગોપાલ ધકાણના પ્રથમ કાવ્યસંગ્રહ 'અજવાળું દીઠ્યું મધરાતે'નો વિમોચન સમારોહ વિજયાદશમી, તા. ૧૨/૧૦/૨૦૨૪ ને શનિવારના રોજ શ્રીમતી એસ.એસ.અજમેરા ગર્લ્સ સ્કૂલ - અમરેલીના સભાખંડમાં સાંજે ૪:૩૦થી દબદબાભેર યોજાઈ ગયો. બે સત્રમાં આ સમારોહનું પ્રથમ સત્ર 'વિમોચન ઉત્સવ' મૂર્ધન્ય કવિ ડો. વિનોદ જોશીની અધ્યક્ષતામાં અને શ્રી ભરતભાઈ ચૌહાણ(અવધ ટાઈમ્સ) તથા વિદુષી ડો. કાલિન્દી પરીખના અતિથિ વિશેષ પદે યોજાયું. જેમાં નાદબ્રહ્મ ગૃપ દ્વારા સ્વરબદ્ધ કરેલાં કવિના મધુર ગીતો રજુ થયાં. સંગ્રહનો ઉઘાડ કવિશ્રી હરેશ વડાવિયા પોતાની અભ્યાસપૂર્ણ અને રસપ્રદ શૈલીમાં કર્યો. સંગ્રહનું કવિના માતુશ્રી મીનાક્ષીબેન ધકાણ તથા ગુરુવર્યશ્રી ભનુભાઈ રાખોલિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે કવિએ પોતાની કેફિયતમાં સંગ્રહ તૈયાર કરવામાં કરેલા સંઘર્ષની વાત તથા નવું શીખતા રહેવાની પ્રતિબધ્ધતા રજુ કરી. અધ્યક્ષીય ઉદ્બોધનમાં મૂર્ધન્ય કવિ ડો. વિનોદ જોશી એ ગીત કવિતાના મર્મની વાત કરી કવિની કાવ્યનિષ્ઠાને બિરદાવી સૌને મંત્રમુગ્ધ આ સત્રનું સંચાલન યુવાકવિ ડો. ધ્રુવ મહેતાએ કર્યું. કવિ સંશોધક ડો. કેતન કાનપરિયાના સુંદર સંચાલનમાં બીજું સત્ર 'ગીતોત્સવ' યોજાયું. જેમાં કવિઓ સર્વશ્રી ડો.વિનોદ જોશી, સ્નેહી પરમાર, પારુલ ખખ્ખર, મુકેશ દવે, વિમલ અગ્રાવત, ડો. વિરલ શુક્લ અને ભરત વાઘેલા પોતાના ગીતપઠનથી સૌને રસતરબોળ કર્યા. આ અવસરે બહોળી સંખ્યામાં કવિઓ, ભાવકો, સંબંધીઓ ઉપરાંત ઢસાથી મૂર્ધન્ય કવિશ્રી મનોહર ત્રિવેદી, કવિતાકક્ષ -ભાવનગરના કવિશ્રી હિમલ પંડ્યા, જીતુભાઈ વાઢેર, ઉદયભાઈ મારુ , એ સિવાય અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર, સંવાદ ગૃપ, સંવેદન ગૃપ, શેર એન્ડ કેર ગૃપ, લોક સાહિત્ય સેતુ, અમરેલી સોની સમાજ, બી.આર.સી ભવન ખાંભા, બી.આર.સી ભવન લીલીયા, ઘટક પ્રાથમિક શિક્ષક સંઘ- રમેશ પારેખ સાહિત્ય વર્તુળ અમરેલી, બાલકૃષ્ણ દવે સાહિત્ય સભા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-અમરેલી, સુર ગંગા સંગીત વિદ્યાલય, જીકીયાળી પ્રાથમિક શાળા, સરસ્વતી વિદ્યામંદિર વગેરે સંસ્સ્થાઓના હોદેદારો, પ્રજ્ઞાચક્ષુ મંડળના ઉપપ્રમુખ-રવિ સેગલિયા ઉપસ્થિત રહ્યાં હતા. ધકાણ પરિવાર ખાંભા યોજિત આ સમારોહને સફળ બનાવવા નાગલોક કવિમિત્રો મુકેશ દવે, જોગી, પંકજ ચૌહાણ, ધર્મેશ ઉનાગર અને પ્રકાશ મકવાણાએ જહેમત ઉઠાવી હતી.

## સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના નિયામક દ્વારા ફરીયાદ થયેલ

# પરિક્ષામાં ગેરરિતી આચરનાર કોલેજના પ્રિન્સીપાલ તથા સ્ટાફનો નિર્દોષ છુટકારો કરાવતા સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી

**સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને ધ્યાને લઇ અમરેલીના ચીફ જયુડી. મેજી. શ્રી એન. જે. નાયી દ્વારા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ ક્યોં**



ફોટો ઉદયન ત્રિવેદી ૧૫-૧૦

અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ હરીશભાઈ મોહનભાઈ શાહ તથા સી.સી.ટી.વી.નું સંચાલન કરનાર ઉર્ફે રાજુભાઈ બાબુલાલ રામાણી તથા ઈન્દ્રકુમાર જગદીશચંદ્ર શાહ તથા સાગરભાઈ ભીખુભાઈ ભાલીયા તથા યુસુફભાઈ બાબુભાઈ શેખ વિરૂધ્ધ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પરિક્ષા નિયામક અમીતભાઈ શરદચંદ્ર પારેખે યુનિવર્સીટીના કુલપતિ ડો. પ્રતાપસિંહ ની સુચના અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટ ધ્વારા તા. ૨૯-૦૩-૨૦૧૬ થી તા.૦૨-૦૪-૨૦૧૬ સુધીના અરસામાં બી.કોમ્.ની સેમ-૬ ની પરિક્ષા લેવાતી હતી તે દરમિયાન પારેખ કોમર્સ કોલેજના સી.સી.ટી.વી. કેમેરાના વિડીયો ફુટેજ રાખવાની સૌરાષ્ટ્ર યુનિ. ના નિયામકશ્રીની સુચના હતી. તે પરિક્ષા દરમિયાન નો તા.૦૨-૦૪-૨૦૧૬ ના રોજ સાંજના ૭-૩૦ વાગ્યા પછી ચેનલ એ.બી.પી. ન્યુઝ, ગુજરાત અસ્મીતા ચેનલમાં કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં બી.કોમ્. સેમ-૬ ની પરિક્ષા દરમિયાન ચોરી કરતા બે વર્ગ ખંડનો વિડીયો વાયરલ થતા સદરહું પારેખ કોમર્સ કોલેજના સી.સી.ટી.વી. ફુટેજ તુતર્જ મોકલી આપવા સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડો. પ્રતાપસિંહ સાહેબે આ કામના આરોપીને જાણ કરવા છતા આ કોલેજના સી.સી.ટી.વી. ફુટેજનું કરનાર તેમજ તેમના સ્ટાફે મિલાપીપણામાં સી.સી.ટી.વી. ફુટેજમાં ડી.વી.આર.માં તા.૦૩-૦૪-૨૦૧૬ના રોજ રાત્રીના ૦૦-૧૬ મીનીટે લોગીન થઈ વિડીયો પ્લેબેક કરી હાર્ડડીસ્કને ફોર્મેટ કરી પુરાવાનો કરી સી.સી.ટી.વી.ફુટેજ સાથે ચેડા કરી આરોપીએ આ ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોય તે મુજબની ફરીયાદ જે તે સમયના સૌરાષ્ટ્ર યુનિ.ના પરિક્ષા નિયામક અમીતભાઈ પારેખે પોલીસમાં નોંધાવેલી હતી. ત્યારબાદ આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસે વિદ્યાર્થીઓની કેરીયર નો સવાલ હોય આ કામે સઘન તપાસ કર્યા બાદ ચાર્જશીટ કરેલ હતું.

આ કામે નામદાર કોર્ટમાં સરકાર પક્ષ તરફે તથા આ કામના ફરીયાદી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી તરફે કુલ ૨૧ સાહેદો તપાસવામાં આવેલા હતા. જેમાં પરિક્ષા નિયામક, નાયક સચિવ, સીન્ડીકેટ સભ્ય તથા કોલેજના પ્રોફેસરોનો સમાવેશ થતો હતો, તથા આ કામે અન્ય ટેકનીકલ સાહેદો કે જેઓ કોમ્પ્યુટર સીસ્ટમના જાણકાર હતા તેમને તથા તપાસ અધિકારીને તપાસવામાં આવેલા હતા. તેમજ આ સાહેદોની જુબાની દરમિયાન સી.સી.ટી.વી. ફુટેજ તથા ડી.વી.આર. તથા હાર્ડડીસ્ક કબ્જે કરેલ તેના સાહેદોને તપાસવામાં આવેલ તથા હાર્ડડીસ્ક તથા બાબતે ચેડા થયા અંગેના આધાર રૂપે એફ.એસ.એલ. રીપોર્ટ પણ ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ હતો.

આ કામે ઉપરોકત કેસ અમરેલીના ચીફ જયુડી. મેજી.શ્રી એન.જે.નાયી સાહેબની ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા મૌખીક એમ ઘણા પુરાવાઓ રજુ કરવામાં આવેલ અને તેમ આ કામ ના ફરીયાદી પોતા નો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામ ના આરોપી ઈન્દ્રકુમાર જગદીશચંદ્ર શાહ, રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજુભાઈ બાબુલાલ રામાણી, હરીશભાઈ શાહ, સાગરભાઈ ભીખુભાઈ ભાલીયા તથા યુસુફભાઈ બાબુભાઈ શેખ ને નિર્દોષ છોડી મુક્વાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન રોકાયેલ હતા.

## ચેરમેન શ્રી મનિષ સંઘાણીના નેતૃત્વમાં

# અમરેલીમાં કેજીવીઆર કો. ઓ. સોસાયટી મોલનો ગુરૂવારે પ્રારંભ

**ઇફ્કો અને એનસીયુઆઇઆ અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના હસ્તે ઉદ્દઘાટન કરાશે**



અમરેલી, કૃષિ અને ગ્રામ વિકાસ રાજય કો.ઓપરેટીવ સોસાયટી લી.દ્વારા સભાસદો અને અમરેલીની જનતા માટે સહકારના માધ્યમથી નહીં નફો નહીં નુકશાન સાથે સસ્તુ અને ગુણવતા યુકત અનાજ, કઠોળ અને કોસ્મેટિક વગેરે ઘર વપરાશની વસ્તુઓ પુરી પાડવા કેજીવીઆર કો.ઓ. સોસાયટી મોલનો ગુરૂવાર તા.૧૭-૧૦-૨૪ના રોજ પ્રારંભ થશે. ઈફકો અને એનસીયુઆઈના અધ્યક્ષ શ્રી દિલપ સંઘાણીના વરદ હસ્તે સવારે ૧૦-૩૦ કલાકથી ઉદ્દઘાટન કરાશે. કેરિયા રોડ નાગરિક બેન્કની સામે અમરેલી ખાતે મોલના ઉદ્દઘાટનની તૈયારીઓ ચેરમેનશ્રી મનિષ સંઘાણી અને બોર્ડ ઓફ ડિરેકટરો દ્વારા તૈયારીઓ થઈ રહી છે. તેમ જણાવાયું છે.

|| ૐ નમો નારાયણ || || શ્રી ઉમિયા માતાયે નમઃ || || જય ગોવર્ધન નાથજી ||

9428190118

યુવાનોને ક્રેઝી બનાવતું... દિવાળી કલેક્શન

UF

ઉમિયા ફેશન

બ્રાન્ડેડ શર્ટ, પેન્ટ, ટી શર્ટ, ટ્રેક પેન્ટ

M to 6 XL અને ૫૦ લંબાઈ સુધી પેન્ટ

એક જ ભાવ

ફોર્મલ પેન્ટ
પાર્ટીવેર પેન્ટ
હાફ સ્લીવ શર્ટ
કોલર પોકેટ ટી-શર્ટ

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી - 365601 (નાના આંકડીયા વાળા)

### જાહેર નોટીસ

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૭૩/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી કાછડીયા પ્રવિણભાઈ પાગજીભાઈ રહે.પિયાવા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીનો પોતાનો જન્મ તા.૦૧-૧૨-૧૯૭૦ ના રોજ મુ.પિયાવા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૯-૧૦-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી

પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ

બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ




લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શાન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીગ • એવોર્ડ ફંકશન

તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.

સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?

તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેકટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક



લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.

RTO એડવાઇઝર

સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક

મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯

નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી

## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.બીજલભાઇ માયાભાઇ વાઘ (મુખી)**

**સ્વ.તા.૧૩-૧૦-૨૦૨૪ (ઉ.વ.૮૦) ગામ : કથીવદર**

સ્વપ્ન બની સરી સાથ સર્વનો છોડી ગયા, હાસ્યતણા જળજળીયા આંસુના પુર થઈ ગયા.
આપની વિદાયથી અમારી હુંફ પ્રેરણા અને સ્નેહ છીનવાઈ ગયા છે.
શ્રી મુરલીધર પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

લી.
વાઘ મુળુભાઇ કુંભાભાઇ - વાઘ જેઠસુરભાઇ કુંભાભાઇ
વાઘ માણસુરભાઇ કુંભાભાઇ - વાઘ નાજાભાઇ કુંભાભાઇ
વાઘ લાલાભાઇ કુંભાભાઇ

રજી.સે.શ.૩૬૭૫૨ || સત્યમેવ જયતે || ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ ફુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૬-૧૦-૨૦૨૪ બુધવાર

# ભારતના ઘર ઘરમાં ઘુસી ગયેલા ચીની માલનો પુનઃ બહિષ્કાર હવે શક્ય છે કે માત્ર વારતા છે?

ચીન લદ્દાખની સરહદે ભારતીય સેનાની સાથે ઉતર્યું તે પહેલાથી જ ચીની માલનો વપરાશ ઘડાડવાની જરૂર પ્રજાના બહોળા વર્ગને અને વેપારીઓને લગતી હતી પણ તેને દિશાદોર નહોતો મળતો તેથી તેની સફળતા વિષે વ્યાપક શંકા સેવાતી હતી. પરંતુ સરહદે અરૂણચાલની વિવિધ ઘટનાઓ પછી પ્રજાનો ચીની માલ સામે આક્રોશ વધી ગયો છે.

અગાઉની જેમ જાહેરમાં ચીની માલની હોળી ન થતી હોય પરંતુ ઘણા લોકોએ સ્વયંભૂ તેમના મોબાઈલમાંથી ચીની એપ્સને દૂર કરી છે. આ સાથે વેપારીઓના દેશવ્યાપી સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ અને આરએસએસની પાંખ સ્વદેશી જાગરણ મંચે ક્યા ચીની ઉત્પાદનોનો વપરાશ ટાળી તેને સ્થાને જે ભારતીય માલ વાપરી શકાય તેની વિસ્તૃત યાદી પ્રગટ કરી છે.

આપણે બે-ત્રણ વરસ પહેલા ચીની ફટાકડાનો બહિષ્કાર કરવાનો વાયરો ઉપડ્યો હતો પણ તે બહુ ચાલ્યો નહતો. દસ ટકા ફેર પડ્યો હતો. પરંતુ હવે આવતી દિવાળીમાં તો જેઓ ચીની ફટાકડા વેચશે એ વેપારીઓનો જ બહિષ્કાર કરવાનું એલાન અત્યારથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કરેલું છે એટલે કોઈ પણ વેપારી ચીની ફટાકડા વેચશે નહિ.

દેશના મોટા શહેરોમાં દુકાનદારો જે માલ ભરેલો છે એ વેચે છે પણ નવો કોઈ ચીની માલ તેઓ હવે પોતાની શોપમાં દાખલ કરતા નથી. દેશના અનેક વેપારી મંડળો અને મહામંડળોએ ઠરાવ કરી નાંખ્યા છે કે હવે ચીની માલનો વેપાર કરવો નહિ તથા ઉત્પાદકોએ કાચો માલ પણ ચીનથી આયાત કરવો. વપરાશકારોનો એક વ્યાપક વર્ગ કહી રહ્યો છે કે ભારતીય ઉત્પાદનોની કિંમત વધુ છે પણ ચીનના માલની ગુણવત્તા નબળી હોવાથી તેઓ વધુ કિંમત ચૂકવીને પણ ભારતીય ઉત્પાદનો ખરીદશે. નિરાશાવાદીઓએ એ વાતની નોંધ લેવાની જરૂર છે કે અત્યારની લોકલાગણી એ માત્ર જુવાળ નથી જે સમય જતા ઓસરી જાય. ચીની માલનો વપરાશ તે આપણા વેપારીઓ અને ઉદ્યોગો માટે ફાવતી વાત છે પણ હવે સરકારનો સાથ મળવાથી બહિષ્કારની ઝુંબેશને દિશાદોર મળી રહ્યો છે અને તે વાસ્તવિકતા બની શકે છે.

ચીનના માલના બહિષ્કારની હિલચાલના ઉગ્ર પ્રત્યાઘાત એ દેશમાં પડ્યા છે. ભારત આ પડકારને ઝીલી શકે છે તેને ચીન સમજે છે. ભારતને ચીનના માલ ચાલશે નહીં તેવી ગ્લોબલ ટાઈમ્સની શેખી જ તેનો ઉકળાટ બતાવે છે. આપણી સરકાર ચીની બનાવટની ૩૭૧ આઈટમની આયાત અંકુશિત બનાવી રહી છે. માત્ર ચીની માલ જ નહીં, દેશના માળખાકીય વિકાસમાં પણ તેનું અવલંબન ઘટે તે માટે પગલાં લેવાનું શરૂ થયું છે પણ રસ્તો લાંબો અને કઠિન છે.

ચીનથી આવતા રસાયણો ઉપરની એન્ટી ડમ્પિંગ ડ્યુટી વધારવાની ભારતની હિલચાલ સામે તેણે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ)માં ''માર્કેટ ઈકોનોમી સ્ટેટ્સ'' હોવાનો દાવો કર્યો છે. ભારત સહિત અન્ય દેશોએ તેના આ દાવાને સ્વીકાર્યો નથી તે જુદી વાત છે, પણ ચીનનું આર્થિક સ્વાસ્થ્ય કથળ્યું હોવા છતાં તે ભારતીયોનું સ્વાસ્થ્ય બગાડવા ઔષધોના કાચા માલ એપીઆઈ તેના કેમિકલ્સની નિકાસ અંકુશિત કરે તો તેના આકરા પ્રત્યાઘાતો અહીં પડે. તેથી ચીન શાંત બેસી રહેશે તેવું માની લેવાય નહીં. કોમ્પ્યુટર હાર્ડવેર બનાવવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા ભારતમાં વિકસાવવાનું મુશ્કેલ છે પણ અશક્ય નથી. ઈલિક્ટ્રિકલ ઉપકરણો, મશિનરી, ખાતર, પ્લાસ્ટિક આઈટમોની આયાત વધુ પ્રમાણમાં થાય છે. સરકારના પ્રોત્સાહનોથી ઉદ્યોગો તેમાં આત્મનિર્ભર તો પણ તેમના પોતાના આગવા પ્રયાસો હોવા જરૂરી છે. ભારતના મોટર સાઈકલ અને ટેક્સ્ટાઈલ ઉદ્યોગે વિશ્વ બજારમાં કાઠું કાઢ્યું છે. ભારતીય બનાવટની મોટર સાઈકલ ચીનની સસ્તી બનાવટની જ નહીં જાપાનની અદ્યતન મોટર સાઈકલને પણ ટક્કર મારી રહી છે. આપણી મોટર સાઈકલોએ અનેક દેશોમાંથી ચીનની મોટર સાઈક્લનો એકડો કાઢી નાખ્યો કેટલીક ઓટોમોબાઈલ કંપનીઓએ કોરોના વાઈરસ સામેનો પડકાર ઝીલીને તેના પ્લાન્ટમાં સસ્તા અને અસરકારક વેન્ટિલેટર બનાવ્યા હતિ. મોટર સાઈકલના ઉત્પાદનમાં ઉદ્યોગે જે સિદ્ધિ મેળવી તે અન્ય ઉદ્યોગો માટે પ્રેરણાસ્રોત બનવો જોઈએ. ભારતમાં ટેક્સ્ટાઈલના ઉત્પાદનની કપાસ અને યાર્નથી કાપડ તથા તૈયાર વસ્ત્રો સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઈન વિકસી છે, જે બહુ ઓછા છે. તેથી દેશો ટેક્સ્ટાઈલ માટે ચીન ઉપર આધાર રાખતા હતા તેઓ ભારત તરફ વળી રહ્યા છે. કોરોના સામેના યુદ્ધમાં ડોકટરો અને હોસ્પિટલોની સાથે મહિન્દ્ર- મહિન્દ્ર જેવા ઉત્પાદકોનું પણ નામ લેવાઈ રહ્યું છે જેમણે જે તે સમયે સસ્તા વેન્ટિલેટર્સ બનાવ્યા હતા.

તેઓ કોર્પોરેટ યોદ્ધા કહેવાયા છે. ચીન સામેનો પડકાર ઝીલવા કેટલા ભારતીય ઉત્પાદકો યોદ્ધાએ તૈયાર છે? ભારતીય ઉત્પાદકોમાં ક્ષમતા છે, સરકારનો સહકાર છે અને પ્રજાનો બહોળો વર્ગ 'મેઈડ ઈન ઈન્ડિયા ઉત્પાદનો ખરીદવા તત્પર છે. તો ઘટે છે શું?

### આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદના ડો. પ્રવિણભાઈ તોગડીયાની આરએસએસના મોહનજી ભાગવત સાથેની મુલાકાત

# હિન્દુ હિતો માટે એક બનો : ડો. પ્રવિણ તોગડીયા

## નાગપુરમાં મુલાકાત દરમિયાન મુસ્લિમ જન સંખ્યા વધ્યાનીં ચર્ચા વિચારણા કરતા ડો. તોગડીયા



અમરેલી, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો.પ્રવિણ તોગડીયાએ નાગપુર ખાતે શ્રી મોહન ભાગવતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. અને હિન્દુ હિત માટે એક બનાવ આહવાન કર્યુ હતું. તમામે સાથે મળીને કામ કરવા અને એક બનાવની જરૂર છે. તેમ જણાવી પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, કેનેડાની હાલત અને દેશની રાજકીય સિધ્ધી પર ચર્ચા કરી હતી. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદના ડો.પ્રવિણભાઈ તોગડીયાની રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સરસંચાલક મોહનજી ભાગવત સાથે તા. ૧૩-૧૦ના નાગપુર મુકામે મુલાકાતમાં ચર્ચા વિચારણા થતા ભારત અને દુનિયામાં (બાંગ્લાદેશ ,પાકિસ્તાન, અમેરીકા, કેનેડા અને અન્ય મુસ્લિમ રાષ્ટ્રો)માં હિન્દુઓની સ્થિતિ ,ભારતમાં વધી રહેલ મુસ્લિમોની જનસંખ્યા, ઘટી રહેલ હિન્દુઓની જનસંખ્યા અને બાંગ્લાદેશના ઘુષખોરોની સમસ્યાના વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ બધા જ હિન્દુઓને એક થવું જોઈએ. એક રહીશું તો જ બચીશું અને હિન્દુ સુરક્ષાના વિષય ઉપર ચર્ચા કરી હતી. હિન્દુઓ માટે અમારા સંગઠનો આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદ ,રાષ્ટ્રીય બજરંગદળ ,ઓજસ્વિની , રાષ્ટ્રીય મહિલા પરીષદ અને અન્ય સંગઠનો રામસેતુમાં ખીસકોલીનું યોગદાન કરી રહયા છે. અને કરશે. તેમજ હિન્દુજ આગળના માટે બધીજ હિન્દુ શકિતને સાથે લઈને અમે ચાલીશું ,સૌની સાથે અને સૌની પાછળ પણ અમે ચાલીશું તેમ ડો. પ્રવિણભાઈ તોગડીયાએ મુલાકાત દરમ્યાન જણાવ્યુંહતું.

### પવનચકકીના થાંભલાનું કામ રોકવા કોશીષ કરતા

# બાબરાના રસ્તે યુવાન ઉપર હુમલો

## ત્રણ શખ્સોએ પાઈપ વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બાબરા તાલુકાના વલારડીથી પીરખીજડીયા જવાના રસ્તે ઈંગોરાળા ગામના જયેશભાઈ દદુભાઈ ડેર પોતાના ઈંગોરાળાથી દસ વાગ્યે પોતાની નોકરીએ જવા નીકળેલ. તે દરમ્યાન પીરખીજડીયાથી વલારડી વચ્ચે ગૌચરની જમીનમાં પવનચકકીના થાંભલાનું કામ ચાલુ હોય. અને તે કામ રોકવા માટે કોશીષ કરેલ હોય.આ દરમ્યાન ચમારડી ગામના બટુક ભાયાભાઈ ઝાપડા, સીંધો ભરવાડ તથા એક અજાણ્યા શખ્સે અચાનક પાઈપ વડે હુમલો કરી માથાના ભાગે તથા ડાબા હાથે કોણીના ભાગે ઈજા કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં જુગારના બે દરોડા

## ૧૪ને રૂા. ૩૪, ૧૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા બે સ્થળોએ જુગારના બે દરોડાઓ પાડી જામેલી બાજી પલ્ટાવી ૧૪ શખ્સોને રોકડ રૂ/.૩૪,૧૫૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. લીલીયા મતિરાળા ગામના માર્ગે આવેલ શાંતીભાઈ બાબુભાઈ ભાલાળાની વાડીના ગાડામાર્ગે જાહેરમાં જુગાર રમતા અરવિંદ પરષોતમભાઈ ગજેરા ,શાંતિ ભીખાભાઈ ધામત, પ્રફુલ વલ્લભભાઈ રાછડીયા, રાજુ નાનજીભાઈ બોદર, કિશોર નાથાભાઈ ભાલાળા, શાંતિ બાબુભાઈ ભાલાળા, કનુ અરજણભાઈ શીંગાળાને પો.કોન્સ. સંજયભાઈ ઈટાળીયાએ રેઈડ દરમ્યાન રોકડ રૂ/.૩૭,૨૭૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જયારે રાજુલા તાલુકાના નીંગાળા-૦૧ ગામે સ્મશાન પાસે જાહેરમાં જુગાર રમતા કાના લાલજીભાઈ સોલંકી, કુરજી લાલજીભાઈ સોલંકી, વિરજી નાગજીભાઈ સોલંકી , મહેશ શીવાભાઈ સોલંકી, કેશવ ઉર્ફે કેશુ શીયાળ, લાલા ઉર્ફે લાલો શીયાળ, લાલા ખોડાભાઈ જોળીયાને પો.કોન્સ. ચંપુભાઈ પોપટે રોકડ રૂ/.૧૮૮૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# ધારીના ઢોલરવાની સીમમાં ઝેરી અસરથી યુવાનને ઝાડા થઈ જતા દવાખાને ખસેડાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના ઢોલરવા ગામની સીમમાં ભયલુભાઈ કામળીયાની વાડીએ શૈલેષભાઈ કાંતિભાઈ મછાર મુળ રાજસ્થાન ભાગીયું રાખેલ વાડીએ કપાસમાં ઝેરી દવા છાંટતા ઝેરી દવાની અસરથી ઝાડા થઈ જતા અમરેલી સીવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાંઆવેલ.

### દશેરા ના પાવન પર્વ નિમિતે

# જાફરાબાદના લોર ગામે પીઠડ માતાજીના મંદિરે શસ્ત્ર પૂજન અને અશ્વપુજન કરાયું

## કાઠી ક્ષત્રિય સમાજના શ્રી અનકભાઇ વરૂ, વલકુભાઇ વરૂનું આયોજન

અમરેલી, કાઠી ક્ષત્રિય સમાજ ના આગેવાન અનકભાઈ વરૂ તથા વલકુભાઈ વરૂ આયોજીત શસ્ત્ર પુજન અને અશ્વ પુજન નું આયોજન કરેલ જેમાં તુલસી શ્યામ ના ટ્રસ્ટી મહેશભાઈ કોટિલા, જામકા દરબાર શ્રી પ્રતાપભાઈ કોટીલા જાફરાબાદ તાલુકા પંચાયત ના પૂર્વ કારોબારી ચેરમેન ભીમભાઈ વરૂ, કાઠી ક્ષત્રિય સમાજ ના યુવા આગેવાન દેવભાઈ વરૂ, નાગેશ્રી હેમાળ દરબાર કનુભાઈ વરૂ, ભયલુભાઈ વાળા, હેમાળ દુધાળા અમરુભાઈ વરૂ વરૂ, ભાયલુભાઈ વરૂ, એડવોકેટ જીતુભાઈ વરૂ દુધાળા, નાગેશ્રી સરપંચ નરેન્દ્રભાઈ વરૂ, માણસા કેશુભાઈ વરૂ, બાબભાઈ ખુમાણ, કુલદીપભાઈ વરૂ તેમજ યુવરાજભાઈ વરૂ, મોટા માણસા ગભરૂભાઈ વરૂ, મહેન્દ્રભાઈ વરૂ તેમજ દ લોકાર્પણ દૈનિક ના તંત્રી પત્રકાર પ્રતાપભાઈ વરૂ, ડી. ડી. વરૂ, લોર પ્રમુખ પત્રકાર એકતા પરિષદ જાફરાબાદ તાલુકા લોર ગામ ના કાઠી ક્ષત્રિય સમાજ ના આગેવાન ખોડુભાઈ વરૂ, વલકુભાઈ વરૂ, ઉમેશભાઈ વકીલ કોળી સમાજ ના મનજીભાઈ બાંભણિયા, વિક્રમભાઈ સાંખટ, ભીખાભાઈ ગઢિયા, આહીર સમાજ ના મથુરભાઈ હડિયા, નાથાભાઈ કળસરિયા તેમજ લોર ગામ ના તમામ યુવાનો ઉપસ્થીત રહ્યા હતા.

# જેડબ્લુએ નાગરિકોને લોહીની અછત વચ્ચે પ્રેમ દાન કરવાની વિનંતી કરી : રક્તદાન શિબિરોનું આયોજન કરીને ૪૩મી વર્ષગાંઠની ઉજવણી



લોહીની અછતનો સામનો કરવો પડી રહ્યો છે, જે રકતદાનને પહેલા કરતાં વધુ તાકીદનું બનાવે છે. જેડબ્લુના પ્રયાસોએ આ સંકટને દૂર કરવામાં મદદ કરવા માટે સમગ્ર પ્રદેશના સમુદાયોને એકસાથે લાવ્યા છે. આ વર્ષે, વિવિધ શહેરોમાં ૫૦૦ થી વધુ રક્તદાતાઓએ રક્તદાન શિબિરમાં ભાગ લીધો હતો. જેમાં ડાયરેકટર્સ, સ્ટાફ મિત્રો, માનવંતા ગ્રાહકો અને પડોશી સ્ટોર સભ્યોએ પણ દાન અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો. જેડબ્લુની ૪૩મી વર્ષગાંઠ એ માત્ર તેમની સફળતાની જ નહીં, પરંતુ જરૂરિયાતના સમયે એકબીજાને ટેકો આપવા માટે એકસાથે આવતા સમાજની ઉજવણી હતી. કંપની લોકોના જીવન પર સકારાત્મક અસર કરવા માટે સમર્પિત છે અને નાગરિકોને જીવન બચાવવામાં મદદ કરવા રક્તદાન કરવાનું ચાલુ રાખવા વિનંતી કરે છે.

અમદાવાદ, (રાજેશ મહેતા) જેડબ્લુ દશેરાના દિવસે પોતાના સ્થાપના દિનની ઉજવણી છેલ્લા ૪૩ વર્ષની જેમ રક્તદાન શિબિરો યોજીને કરી. પુરુષોના લકઝરી લાઈફ સ્ટાઈલ રિટેઈલ સ્ટોરએ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (ભજીઇ) પ્રત્યેની તેમની સતત પ્રતિબદ્ધતાના ભાગરૂપે સમગ્ર ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં રક્તદાન શિબિરોનું આયોજન કર્યુંહતું. આ પહેલ એવા નિર્ણાયક સમયે કરવામાં આવી છે જ્યારે દેશમાં તાજેતરના ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના ફાટી નીકળવાના કારણે

# રાજુલાના ખાનગી કંપનીના પ્રોસેસ વિભાગના આસિસ્ટન્ટ મેનેજરના પત્નીએ આપઘાત કર્યો

## પરિણીતાને પેનલ પીએમ માટે ભાવનગર ખસેડવામાં આવી

રાજુલા, (જયદેવ વરૂ)અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક આવેલ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાં પ્રોસેસ ડિપારમેન્ટના આસિસ્ટન મેનેજરના પત્ની નિધિબેન રૂપેન્દ્ર સિંઘ ઉ.૩૫ કંપનીની કોલોની ક્વાર્ટરમાં આપઘાત કરતા એમ્બ્યુલ્સ મારફતે રાજુલા હોસ્પિટલમાં ખસેડતા મૃતક મહિલાની લાશમાં કોઈ ઈજાના નિશાન નહિ મળી આવતા શંકાસ્પદ લાશ લાગતા પીપાવાવ મરીન પોલીસ હોસ્પિટલમાં દોડી આવી ઘટનામાં પોલીસને અલગ અલગ શંકાઓ પડતા ઘટનાની ગંભીરતા લઈ લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિત પોલીસની ટીમો હોસ્પિટલમાં પોહચી મૃતક મહિલાના પતિ રૂપેન્દ્ર સિંઘની પુછ પરછ શરૂ કરવામાં આવી હાલ મૃતકની લાશ ભાવનગર હોસ્પિટલમાં ફોરેન્સિક રિપોર્ટ કરવામાં આવશે મૃતક મહિલા નિધિબેનના પતિ કંપનીમાં પ્રોસેસ વિભાગના આસિસ્ટન મેનેજર તરીકે ફરજ બજાવે છે રાજસ્થાન રાજના કોટા વિસ્તારના હોવાનું સામે આવ્યું છે હાલ પીપાવાવ મરીન પોલીસ લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિત ટીમો અલગ અલગ દિશામા તપાસ હાથ ધરી છે. પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં એડી નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકના પતિએ પ્રથમ આપઘાત કર્યાનું જણાવતા પોલીસ વધુ તપાસ માટે મહિલાના ઘરે રૂમ પર તપાસ શરૂ કરી છે આપઘાત કર્યો છે કે કેમ? અન્ય કોઈ કારણ છે કે કેમ? તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે મહિલાના પતિની પૂછ પરછ કરવામાં આવી રહી છે ફોરેન્સિક રિપોટ બાદ સાચું કારણ જાણી શકાશે હાલ પોલીસ નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરી છે.

# રાજુલાના કડીયાળી નજીક બાઈક સ્લીપ થઈ જતા યુવાનને ગંભીર ઈજા

## ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ખસેડાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલા તાલુકાના કડીયાળી ગામે રહેતા જયંતિભાઈ સોમાતભાઈ ચૌહાણ તેમની માતાને ઘરે લેવા જતો હોય. ત્યારે કડીયાળી ગામના પાટીયા નજીક આવેલ જીયો પંપ સામે રોડ ઉપર ટ્રકની સાઈડ લેવા જતા બાઈક સ્લીપ થઈ જતા બંને કાનમાં, માથાના ભાગે તથા હાથ પગમાં ગંભીર ઈજા થયાની વિપુલભાઈ સોમાતભાઈ ચૌહાણે મરીન પીપાવાવ પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# બાબરામાં ૧ કરોડ ૬૮ લાખના ખર્ચે પાલીકાના નવા બીલ્ડીંગને મંજુરી અપાવતાં ધારાસભ્યશ્રી તળાવીયા

## પાલીકાના નવા બીલ્ડીંગનું નિર્માણ થવાનું હોવાથી શહેરીજનોમાં ખુશીનો માહોલ



બાબરા, (દિપક કનૈયા) બાબરા નગરપાલિકા નુ ઘણા વર્ષોથી જુનુ બિલ્ડીંગ હોય અવાર-નવાર વિકાસ ના કામ સબબ ધારાસભ્ય જનકભાઈ તળાવિયા નગરપાલિકા ની મુલાકાત લેતા હોય ત્યારે જાગૃત ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા નગરપાલીકા કચેરી બાબરાનું હયાત બિલ્ડીંગ જર્જરીત હોવાનું ધ્યાને આવતા રાજ્યની ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરવામાં આવી હતી.

ધારાસભ્ય જનકભાઈ તળાવિયા એ નવા બિલ્ડીંગની માંગણી કરતા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.૮૮ વર્ષ-૨૦૨૪-૨૫ અંતર્ગત રૂા. ૧ કરોડ ૬૮ લાખના ખર્ચે બાબરા ખાતે નગરપાલીકા કચેરીનું નવુ બિલ્ડીંગ મંજુર કરવામાં આવેલ છે. આ નગરપાલીકા કચેરીનું નવુ બીલ્ડીંગ મંજુર કરાતા બાબરા નગરપાલિકા ના પ્રમુખ તેમજ સદસ્યશ્રીઓ અને બાબરા શહેરના શહેરીજનોએ આ મંજુરીને વધાવી લીધી હતી અને જાગૃત ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા ના વિકાસના કામો ને લઈને લાઠી બાબરા વિસ્તારના લોકો ખુશ જોવા મળ્યા હતા તેમજ બાબરા શહેરના આગેવાનો તેમજ શહેરીજનોએ ધારાસભ્યશ્રીનો આભાર માન્યો હતો.

### પિતાએ બે માસ પહેલા લીધેલ જમીનમાં આંટો મારવા જતાં ત્રણ શખ્સોએ મારમાર્યો

# કોટડામાં ત્રણ શખ્સોએ યુવાનને મારમારી ધમકી આપી

## ત્રણ શખ્સોએ આવી તમંચો બતાવી મોબાઇલ તોડી નાખ્યો

અમરેલી, ધારી તાલુકાના રામવાળાના વાવડી ગામે રહેતાં જનકભાઈ કનુભાઈ વાળાના પિતાએ આજથી બે માસ પહેલા ખાંભા તાલુકાના કોટડા ગામે જીજ્ઞેશભાઈ મનુભાઈ, નિલેશભાઈ મનુભાઈ, ભાવનાબેન મનુભાઈ બાલુના નામે ચાલી આવતી સંયુકત ખેતીની ૯ વિઘા જમીન વેચાણ દસ્તાવેજ કરી ખરીદ કરેલ હતી. જેમાં જનકભાઈ આંટો મારવા જતાં કોટડા ગામના પ્રતાપ ગભરૂભાઈ વાળા, ભરત ગભરૂભાઈ વાળા, ગભરૂ ડોસલભાઈ વાળા રહે. કોટડાવાળા જમીનમાં ગેરકાયેદસર અપપ્રવેશ કરી તે જમીન નહીં રાખવા માટે જનકભાઈ સાથે માથાકુટ કરી ગાળો બોલી પ્રતાપ ગભરૂભાઈ વાળાએ નેફામાંથી તમંચો કાઢી બતાવી ગાળો બોલી ત્રણેય શખ્સોએ પાઈપ અને ધોકા વડે હાથે અને પગે આડેધડ ઘા મારી ફેકચર કરી જનકભાઈનો વનપ્લસ મોબાઈલ તોડી નાખી નુકશાન કરી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં આ બનાવની તપાસ પીએસઆઈ આર.જી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

# બાબરા નજીક ધરાઈ ગામે માઁ દુર્ગાના પર્વ નવરાત્રીનું સમાપન



અમરેલી, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામે હવેલી ચોક વિસ્તારમાં આશરે ૪૫ વર્ષથી શ્રી શકિત મંડળ દ્વારા યોજાતી ગરબીમાં ભારે આસ્થાભેર આસો નવરાત્રીની ઉજવણી કરવામાં આવી. જેમાં સૌ પ્રથમ માતાજીની આરતી તેમજ નાની બાળાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિ ને અનુરૂપ સાડીમાં સજ્જ થઈ કલાત્મક રાસ રજૂ કરી માઁ જગદંબા ના ગુણલા ગાવામાં આવ્યા અને સાથે તા.૧૩/૧૦/૨૪ રવિવારના રોજ માતાજીનો હવન યોજાયો હતો તેમાં હાર્દિકભાઈ એચ જોષી તથા કુલદીપભાઈ એમ જોષી એ હવનમા બેસી યજ્ઞ મા આહુતિ આપી હતી તેમજ રાત્રી દરમ્યાન સર્વે બ્રાહ્મણ તેમજ શક્તિ તથા યુવા ક્રિષ્ના ગ્રુપ સાથે મળીને પ્રસાદ લીધો હતો આ સાથે માતાજી પર્વ માઁ આદ્યશક્તિ ની આરાધના સાથે નવરાત્રી ની પુર્ણાહુતી કરવામાં આવી હતી.

# ચલાલાનાં સુધાબેન કાકડીયાએ ફેશન ડીઝાઇનીંગમાં બહેનોને રોજગારી આપી ગીનીઝબુકમાં સ્થાન મેળવ્યું

## ગીનીઝ બુકમાં સ્થાન મળતા ધારાસભ્યશ્રી કાકડીયા દ્વારા સન્માન



અમરેલી, સમસ્ત કાકડીયા પરિવાર અને ચલાલા શહેર જ નહી પણ સમગ્ર અમરેલી જિલ્લાને ગૌરવવંતુ કરનાર ચલાલાની યશસ્વી ઓજસ્વી અને તેજસ્વી દિકરી શ્રીસુધાબેન જયંતીભાઈ કાકડીયાએ ફેશન ડિઝાઈન તથા હેન્ડીક્રાફટ માં અનેક લોકોને રોજગારી આપી અવનવી વસ્તુઓ નાં નિર્માણ કરી પોતાનાં કાર્યક્ષેત્રમાં અનેક નવાં કિર્તિમાન પ્રસ્થાપિત કરી અનેક એવોર્ડ મેળવ્યાં હતાં પરંતુ સૌ એવોર્ડ મેળવ્યાં બાદ આજે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ વર્લ્ડ રેકોર્ડ માં સ્થાન પ્રાપ્ત કરતા એવોર્ડ વિતરણ અને સન્માન ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાએ કર્યુ હતું. આ પ્રસંગે ઉદયભાઈ ભગત, જયંતીભાઈ પાનસૂરિયા, ગીતાબેન કારીયા સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૧૬.૧૦.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ આસો સુદ પૂનમ, ઉત્તરઅભદ્રપદા નક્ષત્ર , વૃદ્ધિ યોગ, ગર કૌલવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે .

મેષ (અ,લ,ઈ) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે,નિર્ણયમાં ઉતાવળ ના કરવી.
વૃષભ (બ,વ,ઉ) : આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ,નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.
કર્ક (ડ,હ) : આધ્યત્મિક ચિંતન થાય,મનોમંથન કરી શકો,ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.
સિંહ (મ,ટ) : માનસિક વ્યગ્રતા જણાય,મનનું ધાર્યું ના થાય,મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.
કન્યા (પ,ઠ,ણ) : મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.
તુલા (ર,ત) : ઘણી નવી પરિસ્થિતિમાં થી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો,દિવસ એકંદરે સારો.
વૃશ્ચિક (ન,ય) : વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે,કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો,કામકાજ માં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો .
મકર (ખ,જ) : તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો,ખુદ માટે સમય પણ ફાળવી શકો,કાર્યમાં સફળતા મળે.
કુંભ (ગ,સ,શ) : પરિવાર માં સુખ શાંતિ રહે,વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય ,ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.
મીન (દ,ચ,ઝ,થ): ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને,સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન .

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૨૦ થી ૧૬૧૦ મગફળી ૭૦૦ થી ૧૧૮૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૧૦-૧૩૫૦
શિંગમોટી-૭૦૦-૧૧૮૦
શીંગફાડા-૯૦૦-૧૩૪૫
તલસફેદ-૧૮૮૬-૨૬૬૦
તલકાળા-૩૨૦૦-૩૮૫૫
બાજરો-૪૧૧-૪૬૪
ઘઉંટુકડા-૫૧૦-૬૭૭
ઘઉંલોકવન-૫૪૮-૫૭૪
ચણા-૮૦૦-૧૫૭૦
કપાસ-૮૨૦-૧૬૧૦
જુવાર-૭૩૬-૮૭૯
ધાણા-૧૦૦૦-૧૩૪૨
ચોળી-૫૦૦-૧૬૭૫
સોયાબીન-૭૩૦-૮૯૦
અડદ-૬૫૦-૧૮૦૦
મગ-૬૦૦-૧૬૧૦
તુવેર-૧૦૫૦-૧૮૨૨
જીરૂ-૨૦૦૦-૪૬૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૭૦-૫૪૦
રીંગણા-૨૫૦-૪૦૦
ફ્લાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૨૦૦-૩૦૦
ટમેટાં-૧૦૦૦-૧૫૦૦
ફોદીનો-૮૦૦-૧૨૦૦
ગાજર-૫૦૦-૬૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૨૦૦-૧૪૦૦
દુધી-૫૦૦-૬૦૦
તુરીયા-૬૦૦-૮૦૦
ભીડો-૨૫૦-૩૨૦
આદુ-૮૦૦-૧૦૦૦
કોથમીર-૧૨૦૦-૨૦૦૦
મેથીભાજી-૧૨૦૦-૧૩૦૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૯૦-૧૨૦
મરચાલીલા-૫૦૦-૧૧૦૦
મુળા-૨૦૦-૩૦૦
લીંબુ-૧૦૦૦-૧૬૦૦
પાલક-૬૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૮૩-૫૬૩
ચણા-૧૨૫૦-૧૩૨૭
ઘઉં-૪૮૦-૬૨૫
જુવાર-૭૦૦-૮૦૩
કપાસ-૧૦૮૯-૧૫૪૦
તલસફેદ-૧૯૦૦-૨૫૨૨
અડદ-૭૭૫-૧૫૫૧
તલકાળા-૩૬૦૦-૩૬૦૦
તુવેર-
મગ-૧૩૨૭-૧૩૨૭

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૦૧-૬૪૪
ડુંગળીલાલ-૨૦૦-૯૦૭
ચણા-૧૩૬૭-૧૩૬૭
તલસફેદ-૧૬૦૦-૨૪૭૦
અડદ-૧૨૫૫-૧૪૫૭
એરંડા-૧૧૫૨-૧૧૫૨
શીંગ-૧૩૪૫-૧૭૩૦
ડુંગળીસફેદ-૨૬૧-૧૨૬૮
નાળીયેર-૭૦૨-૨૬૦૦
બાજરી-૪૪૦-૫૨૫
જુવાર-૪૭૦-૬૯૭
મગ-૧૪૯૮-૧૫૬૩

**બાબરા**
કપાસ-૧૪૧૦-૧૬૩૫
ઘઉં-૪૮૯-૫૪૧
મગફળી-૯૨૨-૯૫૮
જીરૂ-૪૦૬૦-૪૭૪૦
અડદ-૧૨૪૦-૧૫૦૦
તલસફેદ-૨૨૮૦-૨૪૦૦

બાજરો-૩૯૦-૪૦૦
મગ-૧૩૬૦-૧૭૪૦

**ધારી**
કપાસ-૮૫૧-૧૨૫૨
અડદ-
મગફળી-
તલકાળા-
અડદ-
ઘઉં-૪૦૦-૫૨૫
ધાણા-
ચણા-
શીંગફાડા-
સોયાબીન-૮૪૭-૮૪૭
મકાઈ-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૦૦-૧૧૨૦
શીંગજીણી-૯૪૯-૧૧૩૦
અડદ-૧૩૪૫-૧૬૮૦
તલસફેદ-૨૦૦૦-૨૫૦૦
કપાસ-૧૩૦૦-૧૫૮૦
ઘઉંલોકવન-૪૮૦-૬૧૧
ધાણા-૧૨૬૦
ઘઉંટુકડા-૫૪૬-૬૨૦
ચણા-૧૩૧૧-૧૫૩૧
મકાઈ-૫૫૧
મેથી-૧૦૮૮-૧૩૫૦
બાજરો-૪૪૦-૫૦૧
તલકાળા-૩૦૦૦-૩૬૦૨

**ખાંભા**
કપાસ-૧૨૨૧-૧૪૬૫
મગફળી-
એરંડા-૧૨૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-૧૧૩૫-૧૫૪૮
સોયાબીન-

**બગસરા**
કપાસ-૧૦૦૦-૧૫૦૦
અડદ-૧૨૦૦-૧૨૦૦
મગફળી-૫૬૬-૯૩૯
એરંડી-૧૨૧૦-૧૨૧૦
જુવાર-૭૫૦-૭૫૦
શીંગદાણા-
અડદ-૧૨૦૦-૧૨૦૦
મગ-૧૧૦૦-૧૧૦૦
ચણા-૧૨૩૫-૧૨૩૫
સોયાબીન-૭૦૦-૮૪૫
ઘઉં-૪૪૨-૫૫૦
ડુંગળી-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૩૦૦
દાડમ-૨૦૦૦-૩૨૦૦
મુસંબી-૪૦૦-૭૦૦
સંતરા-૨૫૦૦-૩૦૦૦
કીવી-૬૦૦૦-૭૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૭૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
જામફળ-૧૨૦૦-૧૬૦૦
કેળા-૪૦૦-૬૦૦
પોપૈયા-૭૦૦-૯૦૦
તડબુચ-૩૦૦-૫૦૦
સફરજન હિમાચલ-૮૦૦-૧૭૦૦

### અમરેલી આજનું તાપમાન


મહ ામ તાપમાન ૩૪.૫
ન્યુનતમ તાપમાન ૨૫.૫
ભેજનું પ્રમાણ ૮૪
પવનની ગતિ સરેરાશ ૪.૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૬-૧૦-૨૦૨૪ બુધવાર



(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## રાજુલા જયમાતાજી યુવા ગ્રુપ દ્વારા નવલા નોરતામાં રાસ ગરબાની રમજટ બોલાવાતાં

# રાજુલામાં જયમાતાજી યુવા ગૃપ દ્વારા ઇનામો આપ્યાં

**જય માતાજી યુવા ગૃપ યોજીત ગરબીમાં દશેરાના પાવન પર્વ નિમિતે ખેલૈયાઓ મન મૂકી રમ્યા, ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીના પરિવારની ખાસ ઉપસ્થિતિ**

**દશેરા પર્વે ગરબી મંડળના ખેલૈયાઓને ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી દ્વારા રોકડ રકમ સહિતના અનેક ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા**


તસ્વીર:- કાનો મહેશભાઇ પંડયા

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા શહેરમાં જય માતાજી ગ્રુપ આયોજિત નવરાત્રી મહોત્સવમાં છેલ્લા દશેરાના દિવસે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા નાના મોટા ખેલેયાઓ માટે ૧ થી ત્રણ નંબરમાં અલગ અલગ રોકડ રકમ આપીસાથેઅન્યખેલેયાઓમહત્વનાઈનામો વિતરણ કરવામાં આવ્યા જય માતાજી યુવા ગ્રુપ નવરાત્રી મહોત્સવ એટલે સર્વ શ્રેષ્ઠ સુરક્ષિતનવરાત્રીજોવાલાયકમાત્રમહિલાઓ જ રમી શકે દરરોજ અલગ અલગ મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજુલા જય માતાજી ગ્રુપ આયોજિત નવરાત્રી મહોત્સવ ૯માં નોરતે જયમાતાજી ગ્રુપ દ્વારા ફાઈનલ યોજી ઉનામો વિતરણ કર્યા બાદ દશેરામા આ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા અલગ અલગ કુલ રોકડ રકમ ૫૧,૦૦૦ના ત્રણ. રોકડાઈનામ અને તમામ બાળાઓને ઈનામ પરિવાર સાથે ખેલૈયાવામાં આપવામાં આવ્યુંહતું.

ઈનામો નાના મોટી બાળાઓને વિતરણ કરવામાં આવ્યું હતું. દરરોજ ખેલૈયા માટે નિર્ણાયક બહેનો સિલેક્શન કરતા હતા સિલેકશન બાદ અલગ અલગ પર્ફોમન્સ પ્રામણે નંબર મળતા હતા અને હીરાભાઈના પરિવાર ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તથા ચેતનભાઈ શિયાળ તથા તેમના પરિવાર શાંતુબેન સોલંકી, રીનાબેન શિયાળ, ચંચલબેન મકવાણા, ઉમંગભાઈ મકવાણા, આરતીબેન સોલંકી તથા સોમનાથનાં પુજારી દ્વારા ઈનામોની વણઝાર કરી હતી અને માત્ર મહિલા માટે ખેલૈયાને ફ્રી પાસ રમાડવાનું કામ જય માતાજી ગ્રુપે કર્યું તે બદલ હીરાભાઈ સોલંકી આભાર વ્યક્ત કર્યો આ ગ્રુપે નિસ્વાર્થ દરરોજ રાત્રિના નવરાત્રી મહોત્સવનું સફળ આયોજન કરવા બદલ અભિનંદન આપ્યા હતા ઉપરાંત ૧૦ દિવસ સુધી ખેલૈયાઓ મન મૂકી રમતા જોવા મળ્યા હતા સમગ્ર શહેર માંથી મહિલાઓ અહીં માતાજીની આરતીઓ કરી ગરબા રમતા જોવા મળ્યા હતા.

# કોવાયા અલ્ટ્રાટેક કંપનીની કોલોનીમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરાઇ

**દશેરાના પાવન પર્વ નિમિતે રાવણ દહન કાર્યક્રમ યોજાયો**




રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા તાલુકાના કોવાયાઅલ્ટ્રાટેકટાઉનશીપમાંનવદુર્ગાઉત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો દરરોજ વિવિધ ડ્રેસ માં બાળાઓ ગરબા રમતી હતી અહીંયાવિવિધરાજ્યનામહિલાપુરુષોખેલૈયા હોવાથીરાસઅનેગરબારમવાનુંઅનેજોવાની અનોખા દ્રશ્ય નિહાળવાનુંમહત્વ હતું અને દશેરજામાં પણ રાવણ દહન કાર્યક્રમ માં પણ રામાયણના પાત્રો હનુમાન રામ લક્ષ્મણ સીતાજીજેવાપાત્રોબાળકોદ્વારાતૈયારકરવામાં આવ્યો હતા આ પ્રસંગે મહા આરતી નો દુર્ગા માતાજીનાદર્શનમહાપ્રસાદનો લાભઅલ્ટ્રાટેક કંપનીનાયુનિટહેડશ્રીસંભવશ્રીવાસ્તવ.તથા શ્રીએસઆરહેડ શ્રીઅજયવૈશમ્પાયન. તથા રીતોબોનચૌધરી. મંદિર ઉત્સવ કમિટી તમામ કર્મચારીઓનવરાત્રીઉત્સવમાંભાગલીધોહતો અને સિક્યુરિટી દ્વારા કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ભેરાઇમાં દશેરા નિમિતે ગરાસીયા સમાજ દ્વારા શ્રી ગાયત્રી મંદિરે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો


ભેરાઈ આહિર સમાજ દ્વારા દશેરા વિજયાદશમી ના રોજ શસ્ત્ર અને અશ્વપૂજન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં સરપંચ વાલભાઈ રામ ઉપસરપંચ શિવાભાઈ રામ માજી સરપંચ ટપુભાઈ રામ સહિતના યુવાનો જોડાયા હતા. તે તસવીરમાં નજરે પડે છે.

## પહેલા પાનાનું
## અનાવરણ કરાયું

મહાવીરબાપુ, વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના હરેશ મહેતાની ગરીમામય ઉપસ્થિતી વચ્ચે પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફીયા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જે.વી.કાકડીયા, હીરા સોલંકી, જનક તળાવીયા સહિતના રાજકીય વિશેષ ઉપસ્થિતિ સાથે હજારો વ્યક્તિઓની હકડેઠઠ જનમેદની વચ્ચે પદ્મશ્રી ભીખુદાન ગઢવીએ વીર જોગીદાસબાપુ ખુમાણ ની ખુમારીની વાતો વાગોળી હતી વીર જોગીદાસબાપુ ખુમાણની ખમીરવંતી મૂર્તિનું સ્થાપન થાય અને સાવરકુંડલા શહેરની ઓળખ જોગીદાસબાપુ ખુમાણના સાવરકુંડલા તરીકે થતી હોય ત્યારે ધારાસભ્ય મહેશ કસવાળાએ આગવી ઓળખના અંજવાલા ઈતિહાસના પાને કંડારાયેલા હોય તેવા જતી શ્રી જોગીદાસબાપુ ખુમાણનું વિશાળ કદનું ઘોડા સાથેનું સ્ટેચ્યુ પાલિકાના પટાંગણમાં સ્થાપિત થવા ભવ્ય કાર્યક્રમમાં આંખો ચાર થઈ જાય તેવી હકડેઠઠ જનમેદની વચ્ચે ધારાસભ્ય મહેશ કસવાળાએ જ્ઞાતિ જાતિથી પર રહીને સીમાડાની સુરક્ષા સાથે ખાનદાનીના ખમીરની પ્રસંશા કરી હતી. ઈતિહાસના પાને જેનાવલી નદીનું પાણી અગ્લાજ કરીને ભાવનગર સ્ટેટ સામે ખેલીને ખાનદાની પૂર્વકની લડાઈ લડેલ વીર જોગીદાસબાપુ ખુમાણ ની વાતો લોકસાહિત્ય અને લોક સાહિત્યકારોના કંઠસ્થ સાંભળી છે પણ તેમનું તાદ્રશ્ય ઉમદા ઉદાહરણ રૂપી પ્રતિમા મૂર્તિનું સ્થાપન સાવરકુંડલા નગરપાલિકાને જોગીદાસબાપુ ખુમાણ નામ આપીને એક વીર પુરુષને નામે પાલિકા ઓળખવાનું કામ કરીને એક સૌરાષ્ટ્રનો ઈતિહાસ ફરી યુવા પેઢીને ખ્યાલ આવે તેવા સાથે ધારાસભ્ય મહેશ કસવાળાએ સંતોના સાનિધ્યમાં રાજકીય મહાનુભાવોની વિશિષ્ઠ હાજરીઓમાં યોજાવવાની ખુશી વ્યક્ત કરી હતી સાથે સાથે ઈતિહાસનુ અમર પાત્ર- દુશ્મનીમાં પણ ખાનદાનીની દુનિયાને પ્રેરણા આપનાર - માં - બહેન દીકરીની ઈજ્જતના સાચા રખેવાળ શ્રી જોગીદાસબાપુની મૂર્તિનું અનાવરણ ઈશ્વરીય સદભાગ્ય મને મળ્યુ હોવાનો અનેરો અહેસાસ મહેશ કસવાલાએ અનુભવ્યો હોવાનું હતું. ત્યારે વિશ્વ વંદનીય પૂજ્ય મોરારીબાપુએ ધારાસભ્ય મહેશ કસવાળાના કાર્યકાળ દરમ્યાન વીર પુરુષ જોગીદાસબાપુ ખુમાણની મૂર્તિ સ્થાપન સાથે રિવરફ્રન્ટ આકાર પામે તેમા પણ સહભાગી થવાનો જાહેર મંચ પરથી મોરારીબાપુએ જણાવ્યું હતું અને પુ મોરારીબાપુ સહિત સૌએ સાચા લોકપ્રતિનિધિ શ્રી કસવાલાની સૂજ-બૂજને મંચ પરથી બિરદાવી હતી. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગોરધનભાઈ જડફિયા, સંઘાણીએ આજે પણ ઈતિહાસ જેમના સાક્ષી બન્યા છે તેવા વીર પુરુષ જોગીદાસ બાપુ ખુમાણની પ્રતિમા અનાવરણ સમયે નત મસ્તક વંદન કરીને વીર પુરુષને સમાજના સાક્ષી બનાવનાર સાવરકુંડલા વાસીઓને હ્રદયથી અભિનંદન આપ્યા હતા સાવરકુંડલા શ્રી જોગીદાસબાપુ ખુમાણ અનાવરણ સમિતિના ભક્તિબાપુ, કનુબાપુ ખુમાણ, દેવચંદભાઈ કપોપરા અને ડો.દીપકભાઈ શેઠ સાથે સાવરકુંડલા નગરપાલિકાના મેહુલ ત્રિવેદી, પ્રતીક નાકરાણી, અશોકભાઈ ચૌહાણ, અશોકભાઈ ખુમાણ, જનકબેન આલ સાથે પાલિકાના ચીફ ઓફિસર હસમુખભાઈ બોરડ દ્વારા જાજરમાન કાર્યક્રમ યોજીને વીર જોગીદાસબાપુ ખુમાણને એક મુઠ્ઠી ઉંચેરા માનવીએ ઈતિહાસના પાને કંડારાયેલા જતી પુરુષનું સ્થાપનનો ઐતિહાસિક વારસો ફરી જીવંત કરવામાં સફળ થયા હતા તેમ સાવરકુંડલા અટલધારા કાર્યાલયની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું

## પહેલા પાનાનું
## મેરિટાઇમ બોર્ડ

ગાંધીનગર ખાતે પ્રમુખ તરીકેની જવાબદારી મળતા પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયા,લોક ગાયક કિર્તીદાન ગઢવી,લોકસાહિત્યકાર માયાભાઈ આહીર સહીત ઉપસ્થિત રહ્યા હતા રાજુલાના કેટલાક કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહી અંબરીષભાઈ ડેરને આવકાર્યા હતા.ભાઈ શ્રી અમરીશભાઈ ડેરને ગુજરાત મેરિટાઈમ બોર્ડ (GMB) કર્મચારી મંડળ (class 34) ના ગુજરાત રાજ્ય ના પ્રમુખ શ્રી તરીકે ની જવાબદારી સ્વીકારવા કર્મચારી મંડળ ઘણા સમય થી અમરીશભાઈ પ્રત્યેની લાગણી દર્શાવી રહી હતી માટે આજ રોજ બપોરે ૧૨ વાગે GMB ભવન ગાંધીનગર ખાતે પ્રમુખપદ ની જવાબદારી અમરીશભાઈ ડેર વિધિવત રીતે સ્વીકારી રહયા છે.ઉપરોક્ત હોદ્દા ઉપર ભૂતકાળ માં ઘણા નામાંકિત આગેવાનો સેવા આપી ચુક્યા છે.ભાઈ શ્રી અમરીશભાઈ ડેર ને ગુજરાત મેરેટાઈમ બોર્ડ (GMB) કર્મચારી મંડળ (class34)ના ગુજરાત રાજ્યના પ્રમુખશ્રી ની જવાબદારી સ્વીકારવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવાઈ રહ્યા છે.

## રાજગોર બ્રાહ્મણ અને સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા

# રાજુલામાં શિવાનંદ સરસ્વતી બાપુની ૭૩મી નિર્વાણ તીથી ઉજવાઇ

**નિર્વાણ તિથી નિમિત્તે પુ. મુક્તાનંદબાપુ, પુ. સાધનાનંદબાપુ સહિત સંતોની ઉપસ્થિતિ**



રાજુલા, (કનુભાઈ વરૂ)

આ તીથી ઉજવવા મા અખિલ ભારતીય સમસ્ત સાધુ સમાજ ના પ્રમુખ સુરેવ ધામ ચાપરડા શ્રી મુક્તાનંદ બાપુ અને પુજ્ય શ્રી સાધના નંદ બાપુ પુજ્ય શ્રી ગૌરવ આનંદ બાપુ શ્રી ગોવિંદ દાસજી બાપુ ની પ્રેરક ઉપસ્થિતી મા રાજુલા શહેરના સન્યાસ આશ્રમમાં વર્ષોની પરંપરા મુજબ રાજુલા રાજગોર બ્રાહ્મણ સમાજ અને સમસ્ત બ્રહ્મ સમાજ ના પ્રમુખ શ્રી ભાનુભાઈ રાજગોર ના માર્ગ દર્શન નીચે રાજગોર બ્રાહ્મણ યુવા સોશિયલ ગ્રુપ પ્રમુખ સંજીવ જોશી, ભરતભાઈ મહેતા, જીતેન્દ્રભાઈ તેરૈયા, હરેશભાઈ તેરૈયા, હેમેન્દ્રભાઈ મહેતા ,રાકેશભાઈ જોશી તથા રાજગોર બ્રાહ્મણ યુવા સ્પેશિયલ ગ્રુપના મેમ્બરો હાજર રહ્યા હતા શ્રી ૫. પૂજ્યપાદ ૧૦૮ સ્વામી શ્રી શિવાનંદ સરસ્વતીજી સેવાદાસ બાપુ ની પુણ્યતિથિ ની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે પુજ્ય શ્રી મુકતાનંદ બાપુ એ પોતાના આશીર્વચન મા ચાર વેદ અને સનાતન ધર્મ ની સ્થાપના અને તેની જાળવણી કરવી જોઈએ સંતો ના સત્સંગ માં અને મંદિરો મા નિત્ય ક્રમે રોજ જાવું જોઈએ દેશ નુ શાસન સારો આગેવાન કરી શકે તેવીજ રીતે ધર્મ જાળવણી સારી રીતે રક્ષણ અને સનાતન ધર્મ ની રક્ષા સાચો સાધુ સંત કરી શકે સનાતન ધર્મ સન્યાસી જીવન ચાર વેદ અને આર્યસમાજની વીશે પોતાના આશીર્વચન મંત્યય મા જણાવ્યુ હતુ પુજ્ય શ્રી સેવારામ સ્વામીજીનું જીવન ચરિત્ર પર નજર કરીએ તો શ્રી સ્વામી ભાગવતાનંદજી મહારાજ કે જે સ્વામી શિવાનંદ મહારાજના ગુરુ હતા તેમણે સમકાળમાં વિક્રમ સવંત ૧૯૩૦ ના વર્ષમાં વડીયા શહેરમાં કૌશિક ગોત્રમાં આ મહાવીર રાગ વિભૂતિનો પ્રાદુર્ભાવ થયો હતો પિતા નું નામ ત્રિકમજી મહારાજ માતાનું નામ જાનબાઈ હતું બંને જણા પવિત્ર સ્વભાવના હતા ત્રિકમજી મહારાજ રાજ્યના પુરોહિત હતા અને મહાદેવજીના એકનીષ્ઠ ભક્ત હતા.જેમને સેવાદાસ કહીને પણ બોલાવતા મહાદેવજીની પૂજા ઉપાસના નિત્ય પૂર્વક કરતા હતા એમનો સંયમ વધુ દ્રઢ થયો પોતે ઘરમાં રહી એક સન્યાસી ને શોભે તેવું જીવન વ્યક્ત કરતા હતા સાવરકુંડલા અમરેલી ભાવનગર મહુવા સિહોર જતા સ્વામીજીની જન્મભૂમિ વડિયા શહેર છે જ્યાં ભક્તોએ એક આશ્રમ અને સભા હોલ બનાવી આપેલ સ્વામીજીને રાજુલા વધુ પ્રિય હતું જેથી તેઓ અહીં વધુ આવતા અહીંના શેઠ ભગવાન ગોપાલજી શ્રી દુર્લભદાસ વોરા પ્રાણજીવન સંઘવી મોહનભૂતા માધવજી મંગળજી મહેતા શેઠ ચકુ ભુતા આ બધાએ મળીને રાજુલામાં આશ્રમ બંધાવી આપેલ આશ્રમ ખૂબ જ સુંદર અને રમણીય છે સ્વામીજીને પોતાનું સ્વાસ્થ્ય નરમ જણાતા હતા પોતે રાજુલા પધારવાનો વિચાર કર્યો રાજુલામાં દવા કરી ચાતુર્માસ માં તકલીફ વધી તાવ આવ્યો વૈદ વિગેરેની દેવા ચાલુ હતી પરંતુ આરામ જણાવતો ન હતો આખરે સવંત ૨૦૦૭ના આસો સુદ શુક્રવાર ના રોજ ૧:૩૦ વાગે બધા સંતો ભક્તોની હાજરીમાં બહુ શાંત સ્વભાવે સ્વામીજીએ પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો ગામના લોકોને સમાચાર મળતા ગામમાં હડતાલ પડી ગામ હિબકે ચડ્યું વિધિવત પૂજન કર્યું અભિષેક કર્યો પાલખીને શણગારી ગાતા બજાવતા શહેરમાં ધામધૂમથી પાલખીને ફેરવી અને આશ્રમમાં જ સ્વામીજીને સમાધિ આપી ત્યાં સારું એક દેવાલય બનાવેલ છે જ્યાં નિત્યક્રમે પૂજા પાઠ થાય છે છેલ્લા ૩૫ વર્ષથી કાંતિલાલ જાની આશ્રમમાં સેવા પૂજા કરે છે અને દર વર્ષે આસો સુદ બારસના દિવસે આશ્રમમાં પૂજ્ય બાપુની પુણ્યતિથિ સંતો મહંતો સેવકોની ઉપસ્થિતિમાં ઉજવાય છે આ નિર્વાણ તીથી મા બાપુ ના તમામ સેવકોએ સત્સંગ અને પ્રસાદનો લાભ લીધેલ હતો.

### દશેરાનાં પાવન પર્વ નિમિતે જિલ્લાભરનાં રઘુવંશી સમાજની ઉપસ્થિતિમાં

# અમરેલી જીલ્લા રઘુવીર સેના દ્વારા શસ્ત્રપુજન કરાયું

## અમરેલી શહેર અને જીલ્લાભરના રઘુવંશી સમાજના અગ્રણીઓ શસ્ત્રપુજનમાં જોડાયા અને પોતાની આસ્થા વ્યક્ત કરી



ચલાલા,(પ્રકાશ કારીયા)

અમરેલી જીલ્લા રઘુવીર સેના દ્વારા દશેરાના પર્વ નિમિતે જીલ્લાભરના રઘુવંશી સમાજ માટે શસ્ત્રપુજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમા શહેર તથા જીલ્લોભરના રઘુવંશીઓ ઉપસ્થિત રહી શસ્ત્ર પુજનમાં જોડાયા હતા.રઘુવંશી સમાજના ભુદેવ જયદેવદાદાએ એકીસાથે તમામ રઘુવંશી ભાઈઓનું શાસ્ત્રાકત વિધિથી શસ્ત્રપુજન કરાવ્યું હતું. શસ્ત્રપુજન બાદ જીલ્લા રઘુવીર સેનાના તેજસ્વી યુવાન ઉપપ્રમુખ પ્રિતેશભાઈ માનસેતાએ જણાવ્યું હતું કે રઘુવંશી સમાજની સુર્યવંશી સમાજમાં ગણના થાય છે. ત્યારે આપણે ભગવાન શ્રીરામના વંશજો છીએ.અને વીરદાદા જશરાજ , જલારામબાપા,સંત યોગીબાપા, પુ.હરીરામબાપા જેવા અગ્રણીઓ સંતો અને શુરવીરોના આપણે વારસદારો છીએ. ત્યારે શસ્ત્રપુજન કેમ કરવું જોઈએ? અને શસ્ત્રપુજન કેમ જરૂરી છે. તેની વિસ્તૃત માહિતિ આપી હતી.

જીલ્લા માફક દરેક શહેરો અને ગામોમાં રઘુવંશી સમાજે ભેગા મળી શસ્ત્રપુજન કરી સંગઠીત થવું જોઈએ.તેમજ આપણે કોઈને અન્યય નથી કરવો. પરંતુ આપણને કોઈ અન્યાય કરે એ હરગીજ પસંદ નથી. જીલ્લા રઘુવીર સેનાના ઉત્સાહી અને કર્મઠ અને તમામ રઘુવંશીઓને સંગઠિત કરવા માટે ચિંતા અને પુરુષાર્થ કરી રહયા છે.વિશાલભાઈ સોઢાએ ઉપસ્થિત તમામ રઘુવંશી ભાઈઓને આવકાર્યા હતા. અને તમામ માટે સુંદર વ્યવસ્થા કરી હતી. આ તકે જીલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢા તેમજ આ અવસરના અતિથિ વિશેષ ભાવેશભાઈ સોઢા, સંજયભાઈ વણજારા, પ્રફુલભાઈ બાટવીયા, હિતેશભાઈ આડતીયા,રાજુભાઈ તન્ના, રાહિતભાઈ જીવાણી, સાવરકુંડલાથી ઘનશ્યામભાઈ મશરૂ, બાલાજીભાઈ શેલાણી, હિતેશભાઈ પોપટ, પ્રકાશભાઈ કારીયા, સહિતના રઘુવંશી શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે અંકુરભાઈ ખખ્ખર, પિયુષભાઈ સોનપાલ,પ્રિતેશભાઈ માનસેતા, પુનિતભાઈ, રવીભાઈ ભીમજયાણી, કિરીટભાઈ કાનાણી, મેહુલભાઈ વડેરા,જીગ્નેશભાઈ પોપટ, રાજભાઈ સંઘાણી,પાર્થભાઈ રાજપોપટ, રોનકભાઈ ,દીપ્ વિનભાઈ,વિમલભાઈ સેજપાલ,ઘનશ્યામભાઈ મશરૂ, બીરજુભાઈ અટારા સહિત રઘુવીર સેનાના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. તેમ રઘુવીર સેનાના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવાયું છે.

## અમરેલીના શ્રી પંકજભાઇ સાવલીયાનું નિધન

### ૧૭મીએ બપોરે ૪ થી ૬ કલાકે બેસણું યોજાશે

અમરેલી,

અમરેલીના સ્વ. પંકજભાઈ ધીરજલાલ સાવલીયા(પી.ડી. સરકાર)નું તા.૧૫-૧૦-૨૪ મંગળવારે અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૭-૧૦-૨૪ ગુરૂવારે બપોરે ૪ થી ૬ કલાકે નિવાસ સ્થાન કમલેશ્વર મહાદેવ સરદાર નગર શેરી નં-૩, ચકકરગઢ રોડ અમરેલી રાખેલ છે તેમ ધીરજલાલ માધવજીભાઈ સાવલીયા, પરેશભાઈ ધીરજલાલ સાવલીયા ૯૯૯૮૧ ૦૮૬૮૯, કૃષક પરેશભાઈ સાવલીયા ૭૪૯૦૯ ૩૫૯૪૫એ જણાવ્યું છે.






**જાફરાબાદ નગરપાલિકા, જી.અમરેલી**

**જાહેર નિવિદા**

હાલમાં ફાયર સેફટીના અવેરનેશ બાબતે સમગ્ર ગુજરાતમાં ફાયર સેફટી સર્ટી મેળવવા બાબતે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં G.D.C.R. અને અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષક વિધેયક–૨૦૧૩ અને તે હિઠળનાં નિયમો–૨૦૧૪, તેમજ રેગુલેશન ૨૦૧૬ મુજબ ફાયર પ્લાનમાં દર્શાવી તે મુજબ ફિકસ ફાયર ફાઈટીગ સિસ્ટમ ઈસ્ટોલેસન કરવાનું થતુ હોય છે. જે અંતર્ગત જાફરાબાદ નગરપાલિકા બિલ્ડિંગ માટે સંપુર્ણ સિસ્ટમ કેવી હોવી જોઈએ. ફાયર સેફટી પ્લાન એપ્રુવલ તથા ફાયર સેફટી સર્ટીફીકેટ અંગેની સંપુર્ણ ઓનલાઈન પ્રક્રિયા કરવા તેમજ ફાયર સેફટીના લાગુ પડતા સાધનો ઉપલબ્ધ કરવા સાથે ભવિષ્યમાં ફાયર સેફટીને લગતા અન્ય પ્રશ્નોના નિરાકરણના અર્થે ઉપરોક્ત સંપુર્ણ કામ કરી શકે તેવા ફાયર કન્સલ્ટન્ટની નિમણુંક કરાવાની થતી હોય, આ જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન–૭ (સાત) માં સાધનીક કાગળો તેમજ અનુભવના પ્રમાણપત્રો સાથે સીલ બંધ કવરમાં જાફરાબાદ નગરપાલિકા કચેરી ખાતે પહોંચતા કરવાના રહેશે.

ચીફ ઓફિસર
જાફરાબાદ નગરપાલિકા

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૧/૨૪..............તા.૧૪-૧૦-૨૦૨૪**

વિવાદી :- શ્રી પરેશભાઈ મગનભાઈ પાંભર રહે.બાબરા, તા.બાબરા, જી.અમરેલી
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી નગરપાલિકા બાબરા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે બાબરા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતાશ્રી રમિલાબેન મગનભાઈ પાંભરનો જન્મ તા.૨૧-૦૭-૧૯૬૮ ના રોજ મોજે કોટડાપીઠા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩-૧૦-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮-૧૦-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૯૯/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી હિંમતભાઈ વલ્લભભાઈ પાટડીયા રહે.ઠવી, તા.સાવરકુંડલા, જી.અમરેલી
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી ઠવી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી મોનિકા હિંમતભાઈ પાટડીયાનો જન્મ તા.૨૨-૦૫-૨૦૦૮ ના રોજ મુ.ઠવી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૦૯-૧૦-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**


આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આર્કષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

ન ભુતો... ન ભવિષ્યતી... દિપોત્સવી ઓફર આપના સપનાનું ઘર ખરીદવાની સુવર્ણ તક
શ્રીજી નગર - ૧
સ્થળ : લાઠી રોડ, ધરમ નગર પાછળ, શિવમ રેસીડેન્સીની બાજુમાં
દિવાળી તહેવાર નિમિતે ખાસ ઓફર
(૧) દરેક બાથરૂમમાં નળ તેમજ સાવર (૨) દરેક રૂમ તેમજ હોલમાં પી.ઓ.પી. લાઇટ તેમજ તમામ લાઇટીંગ (૩) ૩૦૦ લીટરનું ફ્રીઝ (૪) ૪૨ ઇંચનું કલર ટીવી (૫) ગરમ પાણીનું સોલાર
અન્ય સુવિધાઓ :- ૩ બેડ હોલ કિચન વાળુ મકાન ■ મજબુત બાંધકામ દરેક રૂમમાં પી.ઓ.પી. ■ સ્ટાન્ડર્ડ ક્વોલીટીનો ઓઇલ પેઇન્ટ ■ મોટુ કાર પાર્કિંગ જગ્યા ■ ૫ મીટર પહોળાઇ તેમજ ૧૬ મીટર ઉંડાઇ ■ ૩૦ ફુટના સિમેન્ટ રોડ ગેસલાઇન ■ નળ કનેકશન ■ ગટરલાઇન ■ સ્ટ્રીટલાઇટ સંપુર્ણ હવા ઉજાસ સાથે
બુકીંગ સંપર્ક :- અપ્પુભાઇ મો.૭૦૧૬૮ ૫૩૭૪૦
જયમલભાઇ મો.૯૯૦૪૦ ૬૧૫૬૬ - વિમલભાઇ મો.૯૮૨૪૯ ૯૩૨૭૭

અમરેલીની અતિ વિકસીત અને સરકારી કર્મચારી અને વેપારી લોકોથી ધમધમતા વિસ્તારમાં મકાન - બંગલા વેચવાના છે
શ્રીરંગ સોસાયટી, તપોવન પાર્ક સોસાયટી, આવકાર સોસાયટી, સિધ્ધિ વિનાયક સોસાયટી, ગુરૂકૃપાનગર, ઓમનગર માં કસમાં વેચવાના છે. જ્ઞાતીબાધ નથી
આપને કોઇપણ એરીયામાં મકાન - દુકાન - ઓફીસ - ફેક્ટરી તેમજ ખુલ્લી ખેતીની જમીન ભાડે આપવા માટે ફક્ત ૧ ફોન કરો
સાંઇ સદ્દગુરૂ એસ્ટેટ બ્રોકર
પ્રભુદાસ તલાટી મો.૯૪૨૮૭ ૦૯૯૯૩
વ્હાઇટ હાઉસ, એસ.ટી.ડેપો સામે, અમરેલી
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ સાંજે ૫:૦૦ થી ૮:૦૦

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર AROMA PREMIUM BODY SPA ધમાકા ઓફર
લેડિઝ માટે Rs.699/- કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઇન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,અમરેલી-૩૬૫૬૦૧

૨૦૨૪-૨૫ નું અત્યાધુનિક અલ્ટ્રા મોર્ડન ફર્નિચરની વિશાળ રેન્જ
લગ્ન પ્રસંગના ફર્નિચરની ખરીદી કરવાનું ઉતમ સ્થળ
■ સોફા ■ બેડ ■ કબાટ
મીરા ફર્નિચર
■ ડાઇનીંગ ટેબલ ■ ટીપોઇ
■ વિગેરે ફર્નિચરની વિશાળ રેન્જ હાજરમાં મળશે
વિપુલ સોંડાગર : ૯૯૨૪૫ ૫૬૨૫૮
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, પટેલવાડી સામે, અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

WICKEDLY POWERFUL
MARUTI SUZUKI ARENA VITARA BREZZA
Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી

અમરેલી બ્રાન્ચ ॥ જય શ્રી સ્વામિનારાયણ ॥ સુરત બ્રાન્ચ
અરજણભાઇ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩ અક્ષય પટેલ મો.૯૦૯૯૦ ૪૧૦૦૮
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫ www.shyamcateres.com
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે ડિનર પાર્ટી, રીશેપ્સન પાર્ટી, બર્થડે પાર્ટી, સર્વિસ સાથે કેટરર્સ કરી આપીશુ
શ્યામ કેટરર્સ SHYAM Caterers
The King of catering service
હેડ ઓફીસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
બ્રાન્ચ ઓફીસ : બી-૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક, સોસાયટી સામે, સુવિધા રો હાઉસ પાસે, સીમાડા નાકા, B.R.T.S. રોડ, સુરત

અમરેલીમાં ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણ માટે વિશ્વસનીય નામ
એલઇડી ટીવી, ફ્રીજ, વોશીંગ મશીન, એસી, ઘરઘંટી વિગેરે તદ્દન વ્યાજબી ભાવથી ખરીદવા માટે અને લાઇવ ડેમો જોવા માટે આજે જ પધારો
LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH vivo MITSUBISHI MILCENT ANANDI OPPO
શિવ ઇલેક્ટ્રોનિક્સ
જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, અમરેલી. મો.૯૮૯૮૩ ૨૩૩૫૨


## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



### સ્વ.લીલાબેન ચાંપરાજભાઇ વાળા

**સ્વ.તા.૧૧-૧૦-૨૦૨૪, ગામ : ચાડીયા**


શું આપીએ અંજલી શબ્દો ઓછા પડે છે, શું આપીએ પુષ્પાંજલી પુષ્પો ઓછા પડે છે,
બોલાવે છે ઈશ્વર જયારે સારા માણસોની તેને ખોટ પડે છે,
પુષ્પની માફક સુગંધ ફેલાવી જીવન એવું જીવી ગયા કે કયારેય ભુલાય નહી.
ભગવાન સુર્ય નારાયણ આપના દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના...

લી.

| | |
|---|---|
| ભરતભાઇ ચાંપરાજભાઇ વાળા | ઘનશ્યામભાઇ નનકુભાઇ વાળા |
| શિવરાજભાઇ નનકુભાઇ વાળા | જીલુભાઇ અમરૂભાઇ માંજરીયા |
| પૃથ્વીરાજભાઇ ભરતભાઇ વાળા | યજ્ઞરાજભાઇ પોપટભાઇ માંજરીયા |
| રાજવીર પૃથ્વીરાજભાઇ વાળા | હેમાદિત્ય યજ્ઞરાજભાઇ માંજરીયા |

ગામ : ચાડીયા, તા.જી.અમરેલી

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



### સ્વ.બીજલભાઇ માયાભાઇ વાઘ (મુખી)

**સ્વ.તા.૧૩-૧૦-૨૦૨૪ (ઉ.વ.૮૦) ગામ : કથીવદર**

જીવન એવું જીવ્યા કે ભુલાય નહી, વિદાય એવી લીધી કે કદી વિસરાય નહી,
હસતો રાખી ચહેરો ધુપસળી જેવું જીવન જીવી ગયા,
આપનો પરોપકારી સ્વભાવ કદી ભુલાશે નહી,
શ્રી કૃષ્ણ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

| | |
|---|---|
| વાઘ રાણીંગભાઇ બીજલભાઇ | વાઘ પાતાભાઇ માયાભાઇ |
| વાઘ ભોળાભાઇ બીજલભાઇ | વાઘ ભરતભાઇ પાતાભાઇ |
| વાઘ મેરામણભાઇ માયાભાઇ | વાઘ નિલેશભાઇ પાતાભાઇ |
| વાઘ માણસુરભાઇ મેરામણભાઇ | વાઘ પ્રકાશભાઇ પાતાભાઇ |

વાઘ ભરતભાઇ મેરામણભાઇ

